Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૭ • તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૮ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

## SHREE K.D.O. STUDENTS ASSOCIATION

# JAZBAA

Ek Shaam Desh Ke Naam

ORGANIZED ANNUAL DAY
26TH JANUARY 2018
**69TH REPUBLIC DAY**
YOGI SABHAGRUH HALL,
DADAR (E), MUMBAI

SPONSORED BY

**SANGHMATA DAMYANTIBEN RATANSHI KUNVERJI LODAYA PARIVAR**
(SAYERA - PUNE)



Lighting of the Lamp



Welcome Dance



Chief Guest - Shri Tarunbhai Ratanshi Lodaya



President - Shri Tejas Mahendra Khona



Solo Dance Performance



Shree K.D.O. Students Association Team


Host - Mr. Bhumit Sunil Lodaya


Instrumental Performances


Group Dance Performance


Felicitation of Chief Guest by President


Speech by Shri Tarunbhai Lodaya


Felicitation for Co-Curricular Activity


Group Dance Performance


Solo Dance Performance


Audience Enjoying the Event


Duet Dance Performances


Solo Dance


Group Dance Performance


The Newly Launched K.D.O. Band





Singing Performances





Academic Prize Distribution




Academic Prize Distribution



Group Dance Performance



Felicitation of Shri Premchand Khona
by Shri Pratap Dharamshi



Felicitation of
Capt. Pravin Haria by President



Solo Dance Performances



Skit Performance



Prize Distribution

# KDO GIRL'S GLORIOUS ACHIVEMENT

## **Miss Sanjana Pratima - Sanjay Kantilal Dhulla -** Kothara



અભિનંદન



It is a matter of proud privilege for the entire KDO Community that from our community young and dynamic engineering student Sanjana (daughter of shri Sanjay Kantilal Lakhamshi Dhulla, Kothara) has won **3rd prize** in **Formula Bharat 2018** held at Coimbatore from 23rd January to 28th January.

Formula Bharat is a student level engineering design competition In which car racing, car designing etc are part of competition.

20 years old Sanjana is student of 3rd year engineering in K J Somaiya College of engineering. She started liking go carting during her school days and at the age of 18 she started driving car.

In k j somaiya college of engineering Orion racing india is a group of selected engineering students who develop different car models and take participation in car race etc. Sanjana joined this group in 2016.

Sanjana got 3rd price in Acceleration. She was the only female driver in 200 plus participants.

Sanjana's team will now be participeting in Formula Student East Competition, which shall be held in Hungary from 18th - 22nd July 2018.

Sanjana has got bright future ahead. She is an example of smart brain and courage. Prakash Samiksha wishes her great future.

**- Hirachand Damji Dand,** Manjal

## Yash Nayna - Girish Shah (Nagda) - Sangli
### part of Orion Racing India core technical team



Orion Racing India, is the Formula Student team from K. J. Somaiya College of Engineering. The team consists of 75+ members from Mechanical, Electronics and Computer Sc. branches ranging from S.Y. to F.Y. of engineering. The team works under the guidance of Prof. Bhushan Pradhan and is mentored by Samir Somaiya.

Formula Student is a student level engineering design competition where participants from various universities conceptualise, design, manufacture and test a Formula1 prototype which are judged by various industry professionals.

The team participated at the recently concluded Formula Bharat 2018 (23rd - 28th January 2018), held at the Kari Motor Speedway, Coimbatore. The competition is organised by Mobility Engineering Consortium and it witnesses over 1500 students from the 90 teams in total. ( 71 combustion car teams & 19 electric car teams )

The 3rd place in acceleration was received by Orion Racing India's first female driver, Sanjana Dhulla. Being the only female driver amongst 200+ drivers she put her foot on the throttle and ensured that the team secured a podium finish in her event.

## જ્ઞાતિની તરૂણીની સાહસિક સ્પર્ધામાં યશસ્વી સિદ્ધિ

**કુ. સંજના પ્રતિમા - સંજય કાંતિલાલ ધુલ્લા** - કોઠારા

વિદ્યાવિહારની કે.જે. સોમૈયા કૉલેજ ઑફ એન્જિ.ની ૨૦ વર્ષીય વિદ્યાર્થીની સંજના ધુલ્લાએ ફૉર્મ્યુલા રેસિંગ કારની બરોબરીની ઈવેન્ટ સમાન 'ફૉર્મ્યુલા ભારત ૨૦૧૮' નામની રાષ્ટ્રીય સ્તરની આંતર-કૉલેજ સ્પર્ધામાં અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

આપણા સમાજની સંજના ગયા મહિને કોઈમ્બતુરમાં આયોજિત સ્પર્ધામાં ૧૦૦ રેસિંગ-કાર ડ્રાઈવરોમાં એકમાત્ર મહિલા હતી અને તે તેના ઍક્સેલરેશન વિભાગમાં ત્રીજા નંબરે આવી હતી. દેશભરમાંથી કુલ ૭૦ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સંજના અને તેની કૉલેજના સાથીઓની ટીમ આ સ્પર્ધામાં છવાઈ ગઈ હતી. આ ઈવેન્ટમાં દરેક ટીમે પોતાની રેસ-કાર પ્રોટોટાઈપ ડિઝાઈન કરવાની હતી. સ્પર્ધાના દરેક વિભાગમાં સંબંધિત ટીમની પ્રોટોટાઈપને ચડિયાતા ક્રમને આધારે મૂલ્યાંકિત કરાઈ હતી.

સંજના ઇલે. એન્જિનિયરિંગની થર્ડ-યર એન્ડરગ્રેજ્યૂએટ સ્ટૂડન્ટ છે. સ્પર્ધામાં તેના વિભાગમાં સ્પર્ધકોએ સીધી રેખામાં કારને ૭૫ મીટર સુધી ડ્રાઈવ કરવાની હતી. સંજનાએ કહ્યું હતું કે મારી સાથે મારા પંચાવન જેટલા ટીમ-મેમ્બરો હતા. તેમનો મને બહુ સારો સપોર્ટ મળ્યો હતો. હવે હું જુલાઈમાં હંગેરી જઇશ અને ત્યાંની મોટી સ્પર્ધામાં ભાગ લઈશ.

સંજના પ્રતિમાબેન તથા સંજય ધુલ્લાની સુપુત્રી ૧૬ વર્ષની હતી ત્યારે તેણે બાઈક ચલાવવાની શરૂઆત કરી હતી અને પેશનને આધારે આગળ વધવાનું પ્રોત્સાહન તેને તેના મમ્મી-પપ્પાએ આપ્યું હતું.

## SHREE KDO STUDENTS ASSOCIATION : "JAZBA – EK SHAM DESH KE NAAM"

On eve of 69th Republic Day, SHREE KDO STUDENTS ASSOCIATION Organizes ANNUAL DAY "JAZBA – EK SHAM DESH KE NAAM" Sponsored By "SANGHMATA DAMYANTIBEN RATANSHI KUNVERJI LODAYA PARIVAR (SAYERA – PUNE) " On 26th Januray, 2018 Friday At Yogi Sabhagruh Hall, Dadar from 6pm Onwards.

The program started by Lamp Lightning with the hands of Chief Guest Mr. Tarunbhai Lodaya, Special Guest Mr. Hanskumar Khimji, Mr. Hirenbhai Dharamshi (H.D. Fires Protect Pvt Ltd), Mr. Pratapbhai Dharamshi, President Mr. Tejas Mahendra Khona & Secretary Mr. Hemil Jayesh Dand along with Navkar Mahamantra.

After this, welcome dance was performed which were followed by more than 30 performances which consists of Solo Dances, Duet Dances, Group Dance, & Drama. Captain Pravin Haria & Mr. Premchand Khona were special guest for the day. Felicitation of Mr. Tarunbhai Lodaya, Mr. Hanskumar Khimji, Capt. Pravin Haria & Mr. Premchand Khona were done. President Mr. Tejas Mahendra Khona welcomed all the Sponsors, Invitees, Guests & Members. Trophie, Certificate, Gift were distributed to the winner's of Academic Prizes. Winner's & runner-up of cultural performances were awarded with Trophies & Certificates. Around 1500 members were present in the event. Secretary Hemil Jayesh Dand thanked all the Donor's, Guests, Team Members & their parent's for their never ending & continues support. Anchoring for the event was done by Mr. Bhumit Lodaya.

The members who worked hard for making event the Grand Successful were: President Tejas Khona, Vice President Urvesh Chheda, Secretary Hemil Dand, Treasurer Arpan Khona, Jt. Secretary Ms. Mittal Dharamsey, Jt. Treasurers Ankit Lodaya & Ms. Ekta U Lodaya, Committee Members Devang Nagda, & Rishabh Mota, Contact Members Labdhi Lodaya, Nirav Mota, Rushabh Poladia, Harshit Dand, Ekta B Lodaya, Vipul Soni, Leenaben Lodaya, Ushma Dagha, Viddhi Chheda, Dhanishta Dharamshi, Bhavya Dand, Parin Mota, Raaj Jiwani, Jay Dharamshi, Harshita Poladia, Viral Mota, Priyank Dagha, Prince Dharamshi, Komal Dharamshi, Siddhi Lodaya, Nishita Dand, Dimple Lodaya, Divesh Lodaya, Ashwin Lodaya, Sakshi Mota, Eshita Chheda, Aarushi Shiyal.



સંવત ૨૦૭૪ || આદીનાથાય નમ: || સન – ૨૦૧૮



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮

## વાત્સલ્યમૂર્તિ પૂજનીય પ.પૂ. સા. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના ચરણારવિંદમાં ગુણાંજલિ



તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ આ. ભ. પ. પૂ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
આજ્ઞાનુવર્તીની આગમ અભ્યાસી, નવકાર મંત્ર આરાધીકા
**પ. પૂ. બા. બ્ર. મુક્તિશ્રીજી મ.સા.**ના સુશિષ્યા
સેવાભાવી, સમતામૂર્તી **પ. પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા., પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા., પ.પૂ. જયધર્માશ્રીજી મ.સા., પ.પૂ. જયદર્શીતાશ્રજી મ.સા. એવં પ.પૂ. હીમાંશુશ્રીજી મ.સા.ના ચરણકમલોમાં કોટી કોટી વંદના...**

**પ.પૂ. સા. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

**દીક્ષા પર્યાય: ૫૭ વર્ષ ● કાળધર્મ: તા. ૩૦-૦૧-૨૦૧૮**

જેમની પ્રતિભા પ્રાત:સ્મરણીય હતી. ગુણગરિમા ચિર:સ્મરણીય હતી, ઉપકારો અવિસ્મરણીય હતા એવા તપોમયી વિભૂતિ **પ.પૂ. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.** ના તા. ૩૦-૦૧-૨૦૧૮ના રોજ કાળની હાકલ થતાં ૯૭ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. એમના દેહોત્સર્ગથી અચલગચ્છ જૈન સમાજમાં કદીય ન પૂરાય એવી ખાઈ નિર્માણ થઈ છે. એઓશ્રી સંસારપક્ષે સાંયરાના માતુશ્રી રતનબાઈ કેશવજી ચત્રભોજના પુત્રવધુ હતા. **પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**ની પ્રેરણા, નિકટનું સાનિધ્ય અને એમની વૈરાગ્યસભર વાચનાથી અને એમના આચારથી આકર્ષિત થઈ. એમના વિચારે વિભૂષિત થઈ, ઉર્ધ્વયાત્રાની પ્રયાણની ઝંખના થતાં, જીવન પ્રત્યે નિર્લેપતા જાગતા. પ્રભુ મહાવીરના જૈન શાસનનો ધર્મ માર્ગ પામી રજોહરણ ધારણ કરી પંચમહાવ્રતનો ૫૭ વર્ષના દીર્ઘ દીક્ષા પર્યાયનો સંયમ જીવન અંગીકાર કરી સાધ્વી જીવનને પવિત્રતાથી ઉજ્વળ કર્યો.

એમણે માત્ર ગુરૂનું ગૌરવ જ નથી વધાર્યું, પણ સંઘના ગગન આંગણમાં જપ-તપની સુવાસ પ્રસરાવી. હૃદયની નિખાલસતા, સરળતા, સૌમ્યતા, શાંતતા, નમ્રતા વડે અલંકૃત હતા. પૂજ્યશ્રીના પુણ્ય પ્રભાવે ધર્મના કલ્પવૃક્ષો રોપાતા હતા. એમના મુખકમળ અને હસ્તકમળો દ્વારા શાસન, ગુરૂ, સમાજ અને સંઘ પ્રભાવનાના સુંદર કાર્યો અવિરતપણે થતા રહેતા. સૌને શક્તિ, ભક્તિ અને મુક્તિના માર્ગે દોરતા રહેતા અને એમના આદર્શના અરીસા દ્વારા અનેક જીવો શાસન રસિયા અને સંયમ રસિયા બનાવ્યા. મસ્તકમાં જિનાજ્ઞા, મુખમાં સરસ્વતી, હૃદય કમલમાં અરિહંત, કરકમલોમાં શાસ્ત્ર અને નયનોમાં કરુણસાગર છલકાતો. એઓશ્રી સમસ્ત ગચ્છ, કચ્છ અને શાસનની સેવામાં પ્રવૃત્ત રહેતા. એમણે સકળ જૈન સંઘને પ્રેરણા અર્પી સાધર્મિકોના ઉત્થાન માટે લાખોની સંપત્તિનો સદ્વ્યય કરાવીને ભાગ્યના ભેરુ બન્યા. "સદૈવ સવિ જીવ કરું શાસનરસી" ની ભાવનમાં જાગૃત રહેતા. તપ, ત્યાગ અને ધર્મની વૃદ્ધિ સારા પ્રમાણમાં કરાવી. એમણે જ્ઞાનની જ્યોત જગાવી. સૌમ્ય, ભવ્ય, મધુર વાણી અને અનોખી શૈલીમાં ચરિત્ર અને ગ્રંથોનું રસપાન કરાવતા **સાંયરા મહાજન** અમુલ્ય સાંયરારત્ન ગુમાવ્યાની દુ:ખદ લાગણી અનુભવે છે.

અંતમાં, અમે સર્વ સાંયરાવાસી અંતરના ઓરડેથી, દિલના દરવાજેથી અને હૈયાના હાર્દથી એકજ અભ્યર્થના કે શીઘ્ર કર્મો ખપાવી સંયમ જીવનને સફળ અને સુવર્ણ બનાવી સિદ્ધિ અને પરમપદ પામો. મોક્ષ માર્ગે પ્રયાણ કરો. સાંયરાવાસીઓ ઉપર સતત આપના આશીર્વાદની અમીવૃષ્ટિ કરતા રહેશો એજ અંતરેચ્છા સહ આપને વંદના.

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ અને ધાર્મિક સમિતિના અનુમોદના અને અભિવંદના...**

UPASANA-9820167767

# આપણી જ્ઞાતિના હાલાર - કંઠીમાં વસવાટનું ૪૨૫મું વર્ષ....

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ કચ્છમાં ફરતી ફરતી અબડાસા વિસ્તારમાં સ્થાઈ થઈ ત્યાંથી ટેકલાંક પરિવારો હાલાર અને માંડવી વિસ્તારના ગામડાંઓમાં ગયા. આ વિસ્તારમાં શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનાં પરિવારો કેવી રીતે ગયા તે પ્રશ્ન સંશોધનનો છે.

સંશોધનોના તારણો એ બતાવે છે કે જે પરિવારો આર્થિક રીતે ખૂબ જ નબળા હતા, જેમની પાસે ખેડવા માટે જમીનો ન હતી, તેવા પરિવારો ન છૂટકે હાલાર વિસ્તારમાં ગયા. તેમને એવી આશા હતી કે જે રાજ્યમાં તેઓ જાય છે તે રાજ્ય પણ ભાયાતી રાજવીઓનું હોઈ તેઓ સુખસ્થાન પામશે. ખાસ કરી કોઠારા, જખૌ, નલીયા અને તેરા ગામોમાંથી પરિવારો હાલાર બાજુ ગયા.

ઇતિહાસની સિદ્ધ ઘટના પ્રમાણે સને ૧૫૯૪માં (૪૨૪ વર્ષ પહેલાં) ભદ્રાવતી એટલે હાલના ભદ્રેસરથી જામનગરનો સંઘ શ્રી વર્ધમાન શાહ અને શ્રી પદમસિંહ શાહની બંધુ બેલડીએ કાઢ્યો હતો. આ બંને ભાઈઓ મૂળે હાલના અબડાસા વિસ્તારના આરીખાના ગામના હતા. જ્ઞાતિએ ગુર્જર જૈન હતા.

ભદ્રાવતીથી જામનગરનો સંઘ ગુર્જર બંધુ બેલડીએ પૂ. દાદા કલ્યાણસાગર સૂરીશ્વરની નિશ્રામાં કાઢ્યો ત્યારે તે સંઘમાં ૯૦૦ ઘોડા, ૫૦૦ ઊંટ, ૫૦૦ રથ અને ૯ હાથીઓ હતા. આ સંઘમાં કુલે ૧૫૦૦૦ શ્રાવકો હતા. આ શ્રાવકોમાં એ પરિવારો પણ સાથે ગયા હશે. જામનગરના મહારાજ શ્રી જશવંતસિંહે સંઘનું સામૈયું કર્યું. જામનગરના રાજાને એવા શ્રેષ્ઠીઓ અને પ્રજાની જરૂર હતી. મહારાજા જશવંતસિંહે બંન્ને ભાઈઓને રાજ્યમાં સ્થિર થવા વિનંતિ કરી અને મંત્રીપદે નિમ્યા.

સંઘ સાથે ગયેલ ક.દ.ઓ.ના પરિવારો સને ૧૫૯૪માં ગયા હશે અને સ્થિર થતાં ઓછામાં ઓછા દશેક વર્ષનો ગાળો લાગ્યો હશે.

મુરબ્બી શ્રી હંશરાજ દેવજી પટેલે કરેલી નોંધ પ્રમાણે હાલારમાં આવ્યાનો સમય ગાળો ૧૬૦૬ થી ૧૬૦૯ નો (૪૧૨ થી ૪૧૫ વર્ષ પહેલાં) છે. તેમાં જે સ્થિરતા મેળવવાનો સમય લાગ્યો તે રીતે આ સમય ગાળો ચોક્કસ હશે તેમ માની શકાય.

બીજું અનુમાન, છે કે શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના વીરો અને પાતો બંધુઓ જેઓ ''શ્રી ભલારા દાદા'' તરીકે ઓળખાય છે. તેઓને જ્ઞાતિના પટેલોએ ન્યાતબહાર કર્યા હોઈ તેઓ કચ્છથી હાલાર બાજુ આવ્યા અને લાલપુરમાં રહ્યા. તેઓને નાતબહાર કર્યા હોઈ કોઈ પરિવારો તેમની સાથે આવ્યા હોય તેમ શક્ય નથી.

આમ હાલારમાં વસેલા ક.દ.ઓ. જ્ઞાતિના પરિવારો શ્રી વર્ધમાનશા અને પદમશા બંધુ બેલડીએ કાઢેલા સંઘમાં સને ૧૫૯૪માં (૪૨૪ વર્ષ પહેલાં) જામનગર આવ્યા હશે. એ અનુમાન સૌથી વધુ પ્રમાણભૂત ગણી શકાય.

ત્યાર બાદના દશેક વર્ષો ગામડાઓની પસંદગી અને કચ્છથી પરિવારોને લાવવામાં ગયા હશે આમ મુરબ્બી શ્રી હંશરાજ દેવજી પટેલે જે સમય ગાળો દર્શાવ્યો છે તે સમય બરાબર હોઈ શકે.

હાલારમાં આવ્યા ત્યારે મોડપર, ચરેલીયા, કનસુમરા, જશાપુર, તરઘરી, મરીવાલી અને માંઢા એ ગામોમાં રહ્યા. ત્યાર બાદ ખાવડી નાની, ખાવડી મોટી, દલતુંગી, બેરાજા, ભરૂડીયા, રંગપુર, ધ્રાફા, ગોરખડી વગેરે ગામોમાં સ્થિરવાસ કર્યો હશે.

એ ગામોમાં પ્રથમ જનાર વડીલોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે. જેમાં મુખ્ય પરિવાર તરીકે ખોના ગોત્રના આદ્ય સવાણીશાથી ચોથી પેઢીએ હેમાશા (હેમાણી) થયા. તેમણે દલતુંગી ગામે વસવાટ કર્યો. હેમાશા તથા તેમના પુત્ર મેઘાશા સાંગાશાના પરિવારને મોટી ખાવડીના જાડેજા


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 07/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

(દલ) ગરાસદારો પોતાના ગામમાં લઈ ગયા અને તેમને ગામનો કારોબાર સોંપ્યો. હેમાશાના બીજા પુત્રોમાંથી લખધીરશા ધ્રાફા અને ગોરખડી ગામે વસ્યા. શ્રી વજપાર અને જેસંગશા દલતુંગી ગામે રહ્યા.

મેઘાશાના પુત્ર વીરપારે રંગપુર ગામ વસાવ્યું. રંગપુર પાસેના મોડપર ગામે મંત્રી બાંધવ વર્ધમાનશા અને પદમશાહે જિનમંદિર બંધાવેલું તે ગામમાં જૈનોની વસતી ન રહેતાં વહીવટ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના અગ્રણી મોટી ખાવડીના શા પદમશી લાધાણીના હસ્તક આવ્યો અને ત્યારબાદ તેમના વંશજો એ વ્યવહાર ચલાવતા રહ્યા.

શ્રી વર્ધમાનશા અને પદમશા બંને બંધુઓ કારભાર વ્યવસ્થિત ચલાવતા હતા છતાં જામનગર રાજ્યના ખજાનચી


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


હડમત ઠક્કરે ઈર્ષા કરતાં ત્યાંનું વાતાવરણ યોગ્ય ન સમજી બંને ભાઈઓ પાઠા ભદ્રાવતીમાં આવ્યા. તેમની સાથે જે પરિવારો આવ્યા હશે તે ભદ્રાવતી એટલેકે આજના ભદ્રેસરની આજુબાજુના ગાંમડાંઓ લુણી, ગોએરસમા અને બારોઈમાં સ્થાઈ થયા હશે તેવું અનુમાન થઈ શકે.

હાલાર સ્થિત ક.દ.ઓ. પરિવારોએ મહાજન પરંપરા જાળવી રાખી, કચ્છ તરફ આવેલા ઓશવાલોની જે ચાર ‘મંજી’ એટલે મોટા પટેલોની ખુરશી હતી તેમાં હાલાર વિસ્તારના પટેલની ‘મંજી’ કુલસુમરામાં હતી. હાલ તે ગામને કનસુમરા તરીકે ઓળખવામાં આવે છે.

હાલાર સ્થિત શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના પટેલ તરીકે શા. પદમશી લાધાણીની કારકિર્દી પ્રશંસનીય રહી હતી. તેમના સંબંધો જામશ્રી વિભાજી સાથે પ્રસ્થાપિત થયા હતા. શ્રી વિભાજી તેમનો આદર સત્કાર કરતા.

એક વાત અત્રે ખાસ નોંધનીય છે કે કચ્છમાંથી હાલારમાં ફક્ત શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના પરિવારો ગયા છે તેવું નથી. વીશા ઓશવાલોની સંખ્યા પણ ઘણી છે. તેમ જ હાલાઈ લોહાણા પણ ઘણાં છે. આ બંને જ્ઞાતિઓના કચ્છથી હાલાર આવેલા લોકોએ પોતાની આગવી ઓળખ તરીકે હાલાઈ શબ્દ જોડ્યો છે. તેઓ કચ્છ સાથે સંબંધો ટકાવી શક્યા નથી.

જ્યારે કચ્છમાંથી હાલાર અને કંઠી વિસ્તારમાં સ્થિર થયેલા ક.દ.ઓ. જ્ઞાતિના પરિવારોએ પોતાને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના એક અવિભાજ્ય ઘટક તરીકે ઓળખાવી આગવી સંસ્કૃતિ સાચવી છે.

કચ્છથી હાલાર આવેલ પરિવારોએ મહાજન પ્રથા જાળવી રાખી. ‘પટેલ’ પ્રથાએ બંને પ્રદેશોને તાણે વાણે બાંધી રાખ્યા. જ્યારે કચ્છમાં ચોખરાઓ થાય અથવા સર્વ ઓશવાલોને સ્પર્શે તેવા નિર્ણયો લેવાનો પ્રસંગ આવે ત્યારે કનસુમરાને અપાયેલ મોટા પટેલની ખુરશીના અધિકાર પ્રમાણે તેઓ કચ્છ જતા અને બંને પ્રદેશોને માન્ય હોય તેવા નિર્ણયો લેતા.

ઘણાંને વાંચીને નવાઈ લાગશે કે શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના શ્રેષ્ઠીઓ શેઠશ્રી કેશવજી નાયક કેટલોક સમય મોટી ખાવડીમાં રહ્યા હતા. ત્યાં તેમણે ખેતી પણ કરી હતી. તેમના મામા શેઠ શિવજી નેણશી કોઠારાવાલા તથા શેઠ જીવરાજ રતનશી જખૌવાલા પણ મોટી ખાવડીમાં રહી ગયા છે. પાછળથી તેઓ જામનગરમાં સ્થિર થયા.

શેઠશ્રી કેશવજી નાયકે પોતાના મોસાળના ગામ મોટી ખાવડીમાં સને ૧૮૭૬માં પાર્શ્વનાથનું ગૃહચૈત્ય બંધાવ્યું. જેની પ્રતિષ્ઠા સને ૧૮૭૮માં તેમના પત્ની પૂ. વીરબાઈના હસ્તે થઈ તે સમયે જામશ્રી વિભાજી પધાર્યા હતા. તે પ્રસંગની કાયમી યાદગીરી રૂપે માસિક પંદરનું સાલીયાપાણું રાજ્ય તરફથી

બાંધી આપવામાં આવ્યું હતું. મહાજનશ્રીએ પોતે કેટલાક વર્ષોથી તે સાલીયાણું લેવાનું બંધ કર્યું છે.

સને ૧૯૦૦ (સંવત ૧૯૫૬)ના છપ્પનીયા દુષ્કાળ તરીકે પ્રસિદ્ધ થયેલ દુષ્કાળના કારણે હાલારની પરિસ્થિતિ ખૂબ વિકટ બની હતી. આ સમાચાર મુંબઈ સ્થિત શેઠશ્રી ખેતશી ખીંયશી ધુલ્લા સુથરીવાલાને મળ્યા. હાલાર સ્થિત ભાઈઓની કરૂણ કથની સાંભળી તેમણે ૬ માસ ચાલે તેટલું અનાજ અને કાપડ ઘેર ઘેર વહેંચ્યું. આમ હાલાર સ્થિત શ્રી ક.દ.ઓ. જ્ઞાતિએ ખૂબ કષ્ટો સહી તે વર્ષ પસાર કર્યું.

સને ૧૯૦૩માં દલતુંગીમાં શેઠ જીવરાજ રતનશીએ જામનગર પંચેશ્વર ચોકમાં પોતાના વરંડામાં શ્રી અજીતનાથજીનું જિનાલય બંધાવ્યું.

સને ૧૯૦૭માં જખૌના શેઠ વીરપાર પાસુની પુત્રી દેવલીબાઈએ ચંદ્રપ્રભુજીનું શિખરબંધ જિનાલય બંધાવી આપ્યું. તેની પ્રતિષ્ઠા વર્ધમાન બ્રધર્સવાલા શેઠ માણેકજી જેઠાભાઈ વર્ધમાન તથા શેઠ પદમશી હીરજી નેણશી કુરવા ગોધરાવાલાના શુભહસ્તે થઈ. તે પહેલાં શેઠ ડુંગરશી ભીમજી શામજીએ વિશાળ મહાજનવાડી બંધાવી આપી હતી.

સને ૧૯૧૧માં કચ્છ તેડું થયું ત્યારે હાલાર સ્થિત સર્વે મહાજનોને શેઠશ્રી ખેતશી ખીંયશી ધુલ્લાએ આદરપૂર્વક આમંત્ર્યા અને તેમનું કચ્છમાં શાનદાર સ્વાગત કર્યું. હાલારમાં આવી તેમણે ૭ ટંક જમણવાર અને ૭ વાસણોની પ્રભાવના કરી હતી.

નજીકના ભૂતકાળમાં હાલાર કચ્છના ગાઢ સંબંધના બે ઉદાહરણો નોંધપાત્ર છે : કચ્છમાં સખાવતો, રાજદ્વારી સંપર્કો અને કૃષિ ફાર્મની સ્થાપના કરી અનેક પ્રવૃત્તિઓથી ખૂબ જાણીતા બનેલા સાંધાણના શેઠશ્રી ડાયાભાઈ ખામજીના વડીલો મૂળે હાલારના ભરૂડીયાના હતા. તેઓ મોસાળ કચ્છમાં દત્તક જઈ કચ્છ સાથે ઓતપ્રોત થઈ ગયા.

સને ૧૯૫૮-૬૦ આસપાસ શેઠ ઘેલાભાઈ લીલાધર ધૂમ નલીયાવાલા ગ.સ્વ. પુરબાઈ તે દલતુંગીના શ્રી ગોવા મુરજી લાપશીયાની પુત્રી થાય તેમનું દલતુંગીમાં અવસાન થયું તેમના નજદિકના વારસ શ્રી જેઠાભાઈ દેવજી નાગડાએ દરખાસ્ત મૂકી કે જો પુરબાઈનું નામ હાલારમાં કોઈ પણ યોજના સાથે જોડવામાં આવે તો પુરબાઈની સઘળી મિલકત હાલારના ગામોના વિકાસ અર્થે વાપરશે.

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના પરંપરાગત રીત રિવાજો હાલારમાં પણ ચાલુ રહ્યા. કચ્છ રાજ્યે રાજગોર બ્રાહ્મણોને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ સાથે સાંકળી દીધા હતા તે પ્રમાણે હાલારના ગામોમાં કોઈ રાજગોર બ્રાહ્મણ ન આવતા જામનગર સ્થિત નાગર બ્રાહ્મણ રામજીને પ્રસ્થાપિત કરેલા જે સંબંધો તેમના વારસોએ પણ જાળવી રાખ્યા.

આમ કચ્છમાંથી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વ હાલારમાં ગયેલ એક નાનકડા સમુહે સંદેશ વ્યવહારની નહિવત સુવિધાઓ છતાં જ્ઞાતિ ભાવાત્મક એકતા, સંસ્કૃતિ, ધાર્મિક અને સામાજિક રીત રીવાજો જાળવી રાખ્યા છે. એટલું જ નહિં બલ્કે તેમાં ઉત્તરોતર વધારો કર્યો છે.

હુબલી સંમેલન (સને ૧૯૭૯) વખતે કચ્છ એકમની સ્થાપના થઈ ત્યારે હાલારના ભાઈઓ વતીથી રૂા. ૩૧,૧૧૧/-ની ભેટ આપવામાં આવી હતી. આ પ્રથમ બનાવ હતો જ્યારે કચ્છે ટહેલ નાખી અને હાલારે પોતાની ફરજ અદા કરી.

– **'શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરક બળો'** માંથી સાભાર


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

**શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર સાંયરા**

**મુંબઈ મધ્યે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડી**

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીના લાભાર્થી દાતા પરિવાર શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા (બારોઈ-નાસિક) પરિવાર એવમ શ્રી કુંવરજી વેરશી મોમાયા (બારોઈ-જલગામ) પરિવાર દ્વારા મુંબઈ મધ્યે સંવત ૨૦૭૪ને જેઠ સુદ ૬ ને રવિવાર તા. ૨૦-૫-૨૦૧૮ના રોજ શ્રી કપોળવાડી, ઘાટકોપર (વેસ્ટ), મુકામે આયોજીત કરવામાં આવેલ છે. સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો/દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ :** પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવા કાળજી લેશોજી.

સંપર્ક : **શ્રી હીરાચંદભાઈ મોમાયા - 098703 36826**
**શ્રી દિનેશભાઈ મોમાયા - 098206 78051**
**શ્રી ભદ્રેશભાઈ મોમાયા - 098331 31359**
**શ્રી પ્રવિણભાઈ મોમાયા - 094250 89966**
**શ્રી શ્રેણીકભાઈ મોમાયા - 093237 85320**

લી. **ભોઈમા જયાબાઈ મોમાયા** તથા

**મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

# ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

Estd. 1984

Head Office : GB-10A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Tel No. 022-25799326 / 9619486622 Fax No. 022-25799323 Email:acblho@arihantbank.com

## श्री अरिहंत को-ऑप. बँक लिमिटेड

## *Celebrations!*



અમે 35 મા વર્ષમાં
પ્રવેશી રહ્યા છીએ

આ શુભઅવસર પર
આપ પણ અરિહંત બેંકના સહભાગી બનો

અમારી સાથે બેંક એકાઉન્ટ ખોલો
અને એક વિશેષ ભેટ મેળવો

*Offer Valid Only for a Month

## સદા આપકે સંગ .... અરિહંત

### અમારી શાખાઓ

ભાંડુપ (વેસ્ટ) 9619486616 મુલુંડ (વેસ્ટ) 9619486617 ઘાટકોપર (ઇસ્ટ) 9619486618 ચિંચબંદર 9619486619
ડોંબિવલી (ઇસ્ટ) 9619486621 થાણા (વેસ્ટ) 9819086624 મોહીલી (સાકીનાકા) 08419906850
એપિએમસી (વાશી) 9619846623 માટુંગા (ઇસ્ટ) 022 24010427 બોરિવલી (વેસ્ટ) 022 28990850

**TOLL FREE NO: 1800-22-1984 (TIMING 10 AM to 6 PM)**
**www.arihantbank.com /ShriArihantBank /ArihantBank**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૪

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧૦) ડાયાબીટીઝ :** આપણે જે આહાર લઈએ છીએ તેનો ઘણોખરો ભાગ ગ્લુકોઝ (એક પ્રકારનની સાકર)માં રૂપાંતરીત થાય છે. જે પાચન વખતે લોહીમાં ભળી શરીરના વિભિન્ન કોષો સુધી પહોંચે છે. સ્વાદુપિંડમાંથી (Pancrease) ઝરતા ઈન્સ્યુલીન હોર્મોનની મદદથી ગ્લુકોઝનું શોષણ લોહીમાંથી શરીરની કોષોમાં થાય છે. સામાન્ય સ્થિતિમાં આપણે ખાઇએ ત્યારે ઈન્સ્યુલીન પુરતા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. જેથી લોહીમાં રહેલ ગ્લુકોઝ કોષોમાં શોષાઈ જાય અને તેથી લોહીમાં ગ્લુકોઝનું સ્તર ઘટે. ડાયાબીટીઝમાં દરદીના શરીરના લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધી જાય છે. દરદીના શરીરમાં કાંતો પુરતું ઈન્સ્યુલીન ઉત્પન્ન થતું નથી અથવા શરીરના કોષો ઈન્સ્યુલીનને પ્રતિસાદ આપતા નથી આ બેમાંથી કોઈ એક સ્થિતિને લીધે દરદીના લોહીમાં ગ્લુકોઝ જરૂર કરતાં વધુ હોય છે આમ ડાયાબીટીઝના બે પ્રકાર છે ૧) સ્વાદુપિંડના કોષોની અપક્રિયા ને કારણે શરીરમાં ઈન્સ્યુલીનનું ઉત્પાદન ઓછું કે બંધ થઈ જાય છે ૨) શરીરના કોષો ઈન્સ્યુલીનનું બરાબર ઉપયોગ કરી શકતા નથી. આશરે ૯૦% ડાયાબીટીઝના દરદીઓને આ બીજા પ્રકારનું ડાયાબીટીઝ હોય છે. આ ઉપરાંત સ્ત્રીઓમાં ગર્ભકાળ દરમ્યાન હોર્મોનના ફેરફાર થવાથી ઘણીવાર ડાયાબીટીઝ થાય છે તેથી ગર્ભવતી સ્ત્રીઓએ લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ચેક કરાવતાં રહેવું લાભદાયી છે.

**ડાયાબાટીઝના લક્ષણ :** વજન વધવું, થાક, ચિડાયેલા રહેવું, ધુંધળું દેખાવું, જખમ જલ્દી ન સુકાવું, વધુ પેશાબ, વધુ તરસ વધુ ભૂખ, રાત્રે વધુ વખત પેશાબ માટે ઉઠવું, પેઢામાં લાલાશ કે સોજા આવવી, વારંવાર રોગ કે ચેપ લાગવો, ખાસ કરી ફૂગ, ખરજવું (એકઝેમા) જેવા ચેપ, હાથ પગ આદિમાં અસંવેદના કે ઝણઝણાટી થવી વગેરે.

પ્રથમ પ્રકાર જેમાં ઈન્સ્યુલીન ઉત્પન્ન થતું નથી તેમાં ઈન્સ્યુલીનના ઇંજેક્શન લેવા સિવાય અન્ય ઉપાય નથી. ઘણું ખરું નાનપણથી જ આ તકલીફ થાય છે. જેને જ્યુવેનાઈલ ડાયાબીટીઝ કહેવાય છે. બીજા પ્રકારમાં (ડાયાબીટીઝ ટાઈપટુ) જીવન પધ્ધતિ બદલાવી, આહારમાં બદલાવ અને દવા ઇંજેક્શનથી કાબુમાં રાખી શકાય છે.

**આહાર :** દરરોજના આહારમાં પુરતા પ્રમાણમાં ઘઉં, જવ, મકાઈ, આદિ આખું અનાજ, રાજમા જેવા કઠોળ, બદામ, પિસ્તા આદિ મેવા, વિટામીન 'E' અને વિટામીન 'C' યુક્ત ફળો જેવા કે મોસંબી, નાસપતિ, જરદાલુ આદિ લેવા : આ પદાર્થોમાં સારા પ્રમાણમાં ફાયબર (રેષા) હોય છે જે લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ સંતુલિત રાખવામાં મદદ કરે છે.

ચાલવું, કસરત, આસન, ઘરના કાર્યો કરવા જરૂરી, બેઠાડુ જીવન બિલકુલ ત્યજવું, ચાલવાથી, કસરત કર્યાથી કે ઘરના કાર્યો કર્યાથી હાઈ બી.પી. અને ગ્લુકોઝ એટલે કે ડાયાબીટીઝ કંટ્રોલમાં રહે છે, વજન કાબુમાં રહે છે. સારું કોલેસ્ટ્રોલ વધે છે. અને ખરાબ કોલેસ્ટ્રોલ ઘટે છે. શારીરિક, માનસિક સ્ફુર્તિ રહે છે. હાડકાં, સાંધા મજબૂત રહે છે અને આત્મવિશ્વાસ વધે છે. જાગૃતિ વધારી જીવનશૈલી બદલી નિયમિત ચેકિંગ અને ઇલાજ કરી, નિડરતાથી તેનો સામનો કરીએ. વધુ વિગત માટે.....

- ડાયાબીટીઝ - ધ સાયલન્ટ કિલર ૧) પ્રકાશ સમીક્ષા - ૨૭ એપ્રિલ - ૩ મે ૨૦૧૩
- ડાયાબીટીઝ - ધ સાયલન્ટ કિલર ૨) પ્રકાશ સમીક્ષા - ૪ મે થી ૧૦ મે ૨૦૧૩
- ડાયાબીટીઝ - ધ સાયલન્ટ કિલર ૩) પ્રકાશ સમીક્ષા - ૧૧ મે થી ૧૭ મે ૨૦૧૩ Online વાંચી શકાય.

**૧૧) સિંહાસન :** આ આસનને 'ભૈરવાસન' પણ કહે છે. બન્ને પગને ઘૂંટણથી વાળી બન્ને એડી પર બેસો, એડીઓ નિતંબની બન્ને બાજુ રહેવી જોઇએ. બન્ને ઘૂંટણ એક, બીજાથી આશરે ૬ ઈંચ દૂર રાખો. જમણા હાથના પંજાને જમણા ઘૂંટણ પર અને ડાબા હાથના પંજાને ડાબા ઘૂંટણ પર રાખો આ વજ્રાસનની સ્થિતિ થઈ. હવે નાકના બન્ને નસકોરામાંથી તેમજ મોઢામાંથી થોડો થોડો શ્વાસ છોડવાની શરૂઆત કરતાં મોંમાથી જીભ બહાર કાઢો. જીભ નીકળવાની ક્રિયા પૂરી થાય ત્યાં સુધી શ્વાસ પૂરો બહાર નીકળી જવો જોઇએ. શ્વાસ લેવાનું બંધ કરો કમર એકદમ ટટાર રાખો, મુખના બધા સ્નાયુઓ અને આંખો એવી રીતે ખોલો કે ચહેરો બિહામણો થાય, સામે જુઓ, ૬ થી ૮ સેકન્ડ આ રીતે સ્થિર રહો. શરૂમાં અઠવાડિયા સુધી આ ક્રિયા

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

બે વખત કરો પછી રોજ ચાર વખત કરી શકો. આ આસન કરવાથી વજ્રાસનના બધાજ લાભ મળશે, ઉપરાંત સ્મરણશક્તિ વધશે, ઉપરાંત ગળાની કે અવાજની તકલીફ હોય, કાકડા સોજી ગયા હોય ત્યારે આ આસનથી ફાયદો થશે. શ્વસનતંત્ર અને સ્વરતંત્ર પર આ આસન ખૂબ ફાયદો કરે છે, છાતી અને પેટના રોગ દૂર થાય છે, બોબડાપણું મટે છે, આંખ, કાન અને ત્વચાને લાલ થાય છે, મુખની સુંદરતા અને કાંતિમાં લાભ થાય છે.






## સેવાના ભેખધારી શ્રી પ્રબોધભાઈ મુનવર

મારા જીવનમાં પ્રબોધભાઈ મુનવર મને હંમેશા આગળ વધવાની પ્રેરણા આપતા રહ્યા છે. એમનો મારા જીવનમાં ખુબ સાથ સહકાર રહ્યો છે. પ્રકાશ સમીક્ષાના માધ્યમ થી મારા જીવન પર તેમણે ખુબ સારી છણાવટ કરી છે.

હું તંત્રી શ્રી રાયચંદભાઈ આર નાગડાનો પણ આભાર માનીશ જેમણે મારા જીવન વિશે સમાજની પત્રિકા પ્રકાશ સમીક્ષામાં લેખ છાપી મારા વિશે માહિતી સમાજ સુધી પહોંચાડી છે. કચ્છમાં એન્જીનિયરીંગના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને મારા લાયક કોઈ પણ કાર્ય હોય તો જરૂર થી મારો સંપર્ક કરે. **– કુણાલ તિલકભાઈ ડાઘા,** ગોએરસમાં – માંડવી, સંપર્ક – **7567118599**

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ – ૪૦૦ ૦૦૯ • ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯
ઈમેલ : anantnathtrust@gmail.com

**સૌ જ્ઞાતિજનો જોગ,**

**'અનંત સિધ્ધિ', ભાંડુપના પુનર્વિકાસ માટે ડેવલપર નક્કી કરવા ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે, જે પૂરી થયા બાદ પુનર્વિકાસ માટે પરવાનગી મેળવવા મા. ચેરીટી કમિશનરના કાર્યાલયે અરજી કરવામાં આવશે, તે સૌએ ધ્યાનમાં લેવું. પુનર્વિકાસનું કાર્ય જલ્દીથી જલ્દી શરૂ થાય તે માટેના પ્રયાસો ચાલુ છે તેની નોંધ લેવા વિનંતી.**

**એજ,**

**લિ.**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો વતી**

**સૌ ટ્રસ્ટીશ્રીઓના જય જિનેન્દ્ર**

### શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન

**રજિ નં. ઈ/૨૭૮ (કચ્છ) તા. ૨૧/૦૩/૧૯૬૬**
**મુ.પો. વારાપધર, તાલુકા અબડાસા, જિલ્લો કચ્છ – ૩૭૦૬૪૫.**

## સામાન્ય સભા

તા.: ૨૫/૧/૨૦૧૮

પ્રતિ,

શ્રી વારાપધર મહાજન સભ્યો,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે વારાપધર મહાજનની સામાન્ય સભા **રવિવાર તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ બપોરે ૨.૩૦ વાગે આરાધના ભવન, અનંતસિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૮**માં યોજવામાં આવી છે. તમામ સભ્યોને સભામાં સમયસર હાજરી આપવા નમ્ર વિનંતી.

### કાર્યસૂચી

૧) ગત સભાના મુદ્દાઓનું વાંચન અને બહાલી.
૨) વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૨૦૧૭ વરસ દરમિયાન થયેલા ઓડિટના હિસાબની રજુઆત અને બહાલી.
૩) વ્યાખ્યાન હોલના નવીનીકરણ બાબત ચર્ચા અને નિર્ણયો.
૪) જિનાલયના જિર્ણોધ્ધાર/નૂતન જિનાલય બાબતની ચર્ચા અને નિર્ણયો.
૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે વિષય રજુ થાય તેની ચર્ચા-વિચારણા.

કોરમના અભાવે મુલતવી રહેલી સભા એજ દિવસે એજ સ્થળે ૩૦ મિનીટ પછી મળશે. જેને કોરમની આવશ્યકતા રહેશે નહીં.

લિ. **શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન વતી ટ્રસ્ટીઓ**

## બેસ્ટ સેલર લેખિકાએ સાવરણી ન છોડી

તમે અને ખાસ સ્ત્રી વાચકો વિચારો કે માત્ર ચાર વર્ષે એક મા દ્વારા તરછોડાયેલી છોકરી બાપના જુલમો સહેતી બાર વર્ષની થાય ત્યાં તો તેનાથી ચૌદ વર્ષ મોટા માણસને પરણાવી દેવાય. એક ઉકળતા તેલની કઢાઈથી બીજી ઉકળતા તેલની કઢાઈમાં તે ટ્રાન્સફર થઈ. માત્ર તેરથી પંદર વર્ષની ઉંમર વચ્ચે ત્રણ બાળકોની માતા બની. વ્યાપી ગઈ ને અરેરાટી આખા શરીરમાં? હા, આ નામ છે, બેબી હાલદાર. માત્ર પંદર વર્ષની ઉંમરે તો તેણે એક આખા જન્મારાના ત્રાસ સહન કરી લીધા હતા. એના વિશે જાણીને ચોક્કસ તમારી આંખોમાં ઝળઝળિયા આવશે પણ તે આજે જ્યાં છે, તેણે જે મુકામ આજે હાંસલ કર્યો છે તે જાણી તમે ચોક્કસ માનશો કે દુર્ગા, કાલી, સરસ્વતી મંદિરની ચાર દીવારોમાં નથી જ, તે આવી કોઈક બેબી હાલદાર રૂપે જ આપણા વચ્ચે હોય છે.




કાશ્મીરની લીલીછમ ઘાટીમાં જન્મેલી બેબીની માં તે માત્ર ચાર વર્ષની હતી ત્યારે તેને પતિના જોરજુલમથી ત્રાસી ઘર છોડી ગઈ. આ માસૂમ જીવનો વિચાર સુધ્ધાં કર્યા વિના જતી રહી. બેબી માને યાદ કરીને રડતી તો પિતા માને ગાળો દેતાં દેતાં આ માસૂમને ઝૂડી નાખતો અને તે રડતી કકળતી માં માં કરતી જાલિમ પિતાના જ ખોળામાં જ સૂઈ જતી. આ ઓછું હોય તેમ ઘરમાં ઓરમાન માં આવી. હવે પિતાની ભાષા અને વ્યવહાર કારેલું અને કડવા લીમડા પર ઉછરેલા હોય તેવા થઈ ગયા. તેને ખૂબ માર મારતા. માતા-પિતા બંને. ઓરમાન માંના કહેવાથી તેને કાશ્મીરની ઘાટીઓમાંથી કાઢીને પશ્ચિમ બંગાળના 'દુર્ગાપુર' લઈ જવાઈ.

ત્યાં તેનું નામ શાળામાં લખાવી દેવાયું. શાળા અને શિક્ષણ જાણે તેનાં તપતાં જીવનમાં મીઠી વીરડી જેવો સમય લઈ આવ્યા. આ તેના જીવનનો સૌથી બહેતરીન સમય છે, તેવું તે ખુદ માને છે. પરંતુ કુદરતને આ સુખ મંજૂર હોવું જોઈએ ને? માંડ છઠ્ઠા ધોરણની પરીક્ષા પાસ કરી ત્યાં તો ઘરની ગરીબીથી તરબતર દારૂણ પરિસ્થિતિએ તેનું શિક્ષણનું એકમાત્ર સુખ એક પળમાં છીનવી લીધું અને તે કાંઈ જ ન કરી શકી.

ઘરના બગડતા જતાં હાલ, ઓરમાન માં અને દારૂણ ગરીબીએ પિતાના મનમાં ખ્યાલ આવ્યો કે આ દીકરી બોજ છે ઘરમાં. તે નરાધમે માત્ર બાર વર્ષની બેબીના છવ્વીસ વર્ષના માણસ સાથે લગ્ન કરાવી તેને ઘરમાંથી કાઢી જ મૂકી કહેવાય ને? પણ એક બાળપણ જે લગ્ન કરી રહ્યું હતું તે તેની બહેનપણીના કાનમાં કહી રહ્યું હતું કે, ''સારું છે, મારા લગ્ન થઈ રહ્યા છે. હવે મને કમ સે કમ પેટ ભરીને ખાવાનું તો મળશે.'' બાર વર્ષની ઉંમર સુધી ભૂખ લાગે ત્યારે પેટ ભરીને ખાઈને સંતોષ થાય, તેવો સમય પણ તેના નસીબમાં નહોતો. કેવું માસૂમ પણ ભૂખ્યું બાળપણ... લગ્નનાં દિવસે પણ એ જિંદગી હોમાઈ ગઈ. પિતાની ગરીબી અને માતાની ક્રૂરતામાં. આવું તે સમજવાનો સુધ્ધાં વિચાર કરી શકે ખરું? ખેર, તે બાળકી સાસરે ગઈ. રમકડે રમવાના દિવસોમાં ઘરબારની જવાબદારી આવી પડી. પતંગિયાની જેમ ઊડવા રમવા આતુર નાજુક પગોમાં જાણે બેડીઓ બંધાઈ ગઈ. લગ્નના માત્ર એક મહિના પછી ખબર પડી કે તે 'માં' બનવાની છે. પિતાના ક્રૂર વ્યવહારને સહન કરી બહાર નીકળી ત્યાં તેના જીવનમાં પતિની ક્રૂરતા પ્રવેશી હતી. તે બેબી જોડે અતિશય અમાનવીય રીતે વર્તન કરતો અને બેબી માત્ર ભરપેટ ખાવાની લાયમાં તે સહન કરી લેતી. પતિ માટે તે વાસનાપૂર્તિનું સાધન જ તો હતી. બાર વર્ષની ઉંમરે લગ્ન બાદ એક પછી એક ત્રણ બાળકો, પંદર વર્ષની બેબીના ખોળામાં હતા. છતાંય, પંદર વર્ષની બેબી પોતાના નાના હસતા રમતા અંશોને જોઈ બધું જ ભૂલી જઈ ખીલી ઊઠતી. એક દિવસ બધું તહેસનહેસ ત્યારે થયું જ્યારે બેબીના પતિએ એક મોટો ભારે પત્થર તેના માથામાં ઝીંકી દીધો. કારણ માત્ર એ કે તેને ગામના કોઈ અન્ય પુરુષ સાથે વાત કરતા જોઈ હતી.

ત્યારે બેબી પચીસ વર્ષની હતી તો બાળકો, દસ, નવ, આઠ વર્ષના. આ દુઘર્ટના પછી તેણે નક્કી કર્યું કે બસ, હવે નહિ. બહુ સહન કર્યું. જેઠાણી અને અન્ય સ્ત્રીઓએ ઘણું સમજાવી કે આવું ના કરાય, ઔરત, મર્દના સહારાથી જ આ કપરા સંસારમાં જીવી શકે. મર્દ ના હોય તો જીવાય જ કેવી રીતે? પણ બેબી જન્મથી પચીસ વર્ષ સુધી અત્યાચાર સહેતા જાણે ગળા સુધી આવી ગઈ હતી.

૧૯૯૯માં એક દિવસે પતિની ગેરહાજરીમાં ત્રણે બચ્ચાને પાંખમાં ભરી એક માએ ઉડાન ભરી તે ત્રણેને લઈ સાવ અજાણ દિલ્હી જતી ટ્રેનમાં બેસી ગઈ. દિલ્હી ઊતરી તે સીધી એક ઝૂંપડપટ્ટીમાં પહોંચી. જેમ તેમ છાપરાની વ્યવસ્થા કરી. પછી તે એરિયાની આસપાસ મોટા ઘરોમાં તેણે ઘરનોકર તરીકે કામ મેળવવા પ્રયત્ન શરૂ કર્યા પણ હાય રે નસીબ! મોટા લોકો તેને જોઈ, તેને ત્રણ નાના છોકરા હોવાની વાત સાંભળી

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર સોમવાર બંધ

કામ જ ન આપતા. કેટલાંય દિવસો તે ભટકતી રહી. ઘણાં દિવસો તો તે ચારેને ખાવા સુધ્ધાં ન મળતું. પોતાની ભૂખ તો સહન કરી લેતી પણ માસૂમ બાળકોને ભૂખથી તડપતાં જોઈ તે વિહ્‌વળ બની જતી. કામની ગાંડી શોધખોળમાં દિલ્હીથી ગુડગાંવ તરફની બસ્તી તરફ આવી. નસીબ સંજોગે તેની ઝૂંપડપટ્ટીથી થોડે દૂર ભદ્ર લોકોની બસ્તીમાં એક સર્વન્ટ ક્વાર્ટર્સ સાથેના ઘરમાં તેને નોકરી મળી ગઈ. આ ઘર માનવવિજ્ઞાનના રિટાયર્ડ પ્રોફેસર અને સુપ્રસિદ્ધ હિન્દી લેખક મુનશી પ્રેમચંદના પૌત્ર પ્રબોધકુમારનું હતું. હાલદારની જવાબદારી આ મોટા ઘરને સાફસૂથરું રાખવાની. તે પોતાનું કામ પૂરી નિષ્ઠાથી કરતી હતી. પરંતુ ઘરના માલિક પ્રબોધકુમારે નોંધ્યું કે બેબી પોતાના બુકશેલ્ફ સાફ કરતી વખતે જાણે કે પુસ્તકોની ધૂળ જ નથી ખંખેરતી, તેના પાનાં પણ ફેરવે છે. તેઓ માટે આ ખૂબ આશ્ચર્યજનક હતું. તેઓ ઘણાં દિવસો સુધી ચૂપચાપ તેને આમ કરતી જોતા રહ્યા. તે અવારનવાર સમય મળ્યે એકાદ પુસ્તક હાથમાં લઈ વાંચતી રહેતી. આખરે એક દિવસ એમણે સામેથી બેબીને કહ્યું, ''તું ગભરાયા વિના જ કોઈપણ પુસ્તક વાંચી શકે છે.'' અને તેમણે હિન્દીના ઉત્કૃષ્ટ લેખકો – લેખિકાઓના પુસ્તકો તેને બતાવ્યા. બેબી હવે દિવસરાત સમય કાઢીને વાંચવા લાગી. એક દિવસ પ્રબોધકુમારે તેને હાથમાં પેન અને રજિસ્ટર આપી કહ્યું કે તારા જીવનની વાત તું આમાં લખી નાખ. બેબીના શબ્દોમાં જ લાગણી જાણીએ. ''હું ખૂબ નર્વસ હતી. પેન હાથમાં લેતી વખતે સ્કૂલ છોડ્યા પછી કદી એકડો પણ પાડ્યો નહોતો. પણ ખચકાટ સાથે મેં ખૂબ મજબૂતીથી પેન અને રજિસ્ટર પકડી લીધાં'' હવે તે રાતદિવસ ઘરકામથી નવરી પડતાં જ પોતાના ક્વાર્ટર્સમાં ઘૂસીને લખવા જ માંડતી. એક નવું મિશન હતું તેને માટે. આ જાણે કોઈ શુભચિંતકને પોતાના જીવનની વાતો સંભળાવતી હોય તેમ તે સતત લખતી રહી, પોતાના જીવનની વેદનાને પેન દ્વારા રજિસ્ટર પર ટપકાવતી રહી અને ગરમાગરમ આંસુના ધોધમાં સતત એક અઠવાડિયું ભીંજાયા બાદ તેણે રજિસ્ટરના ત્રણસો સફેદ કાગળ પેનથી ચીતરી નાખ્યા. બેબીએ રજિસ્ટર પ્રબોધકુમારને આપ્યું ત્યારે તેને લાગતું હતું કે તેના દિલનો બોઝ જાણે હળવો થયો છે. પ્રબોધકુમારે તેની ઝેરોક્ષ કરી પોતાના એક પ્રકાશક મિત્રને વાંચવા આપી. પ્રકાશકે ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો કે ગજબનાક શૈલી છે તે લખાણની અને અજબ કથા છે હિંમતની. આને પુસ્તકરૂપે પ્રકાશિત કરાય. પ્રબોધકકુમારે તેના યોગ્ય જગ્યાએ વાક્યશુદ્ધ કર્યા અને કેટલીક જગ્યાએ ફેરફાર કરી પુસ્તકરૂપે પ્રકાશકને આપ્યું. આ પુસ્તક ૨૦૦૧માં બંગાળી ભાષામાં 'આલો અંધારી' (અંજવાળા અંધારા) નામે પ્રકાશિત થયું. સમજો કે તહેલકો મચી ગયો સાહિત્ય વર્તુળમાં. ખાસ કરીને ઘણી મહિલાઓએ રાતોરાત એક બેઠકે પુસ્તક વાંચ્યું અને એકમેકના ગળે વળગીને રડી સુધ્ધાં. ૨૦૦૨માં પ્રકાશકે હિન્દી ભાષાંતર પ્રકાશિત કર્યું, તો બધાં જ અગ્રગણ્ય અખબારો અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આ પુસ્તક છવાઈ ગયું. આ પુસ્તકના બીજા બે સાલમાં બે રીપ્રિન્ટ કરવા પડ્યાં. એવું બમ્પર બેસ્ટ સેલર બની ગયું આ પુસ્તક. આલોચકોએ પણ પુસ્તકની ભાષાને સાહિત્યિક દરજ્જાની હોવાનું કહીને પોંખી. ૨૦૧૧ના અંત સુધી તો આ પુસ્તક ભારતીય અને વિદેશી ભાષાઓ સહિત ૨૪ ભાષામાં પ્રકાશિત થઈ ચૂક્યું.

આ પછી બેબીએ બીજા બે-ત્રણ પુસ્તકો લખ્યાં છે તે પણ ધૂમ વેચાયા છે. પુસ્તકોમાંથી મળતી રૉયલ્ટીથી તેણે પોતાનું ઘર બનાવ્યું છે. છતાં તે આજેય પ્રબોધકુમારના સર્વન્ટ ક્વાર્ટરમાં જ રહે છે. ભારત અને વિદેશમાં પણ તેને ઘણાં સાહિત્યિક સમારંભમાં વકતા તરીકે નિમંત્રિત કરાય છે. પહેલું જ પુસ્તક આંતરરાષ્ટ્રીય સ્તરે બેસ્ટ સેલર બન્યું તે નિમિત્તે એક ભારતીય ટીવી ચેનલને ઈન્ટરવ્યૂ આપતા કહેલું કે ''હું આજે પણ મારી જાતને કામવાળી જ સમજું છું. મારાથી પ્રબોધકુમારનું ઘર કે હાથમાંથી સાવરણી કદી નહીં છોડાય. પણ હા, હવે હું લખતી રહીશ કારણ કે આના લીધે તો મેં મારી જાતને ઓળખી છે.''

– **કેતકી જાની**, 'મુંબઈ સમાચાર'માંથી સાભાર

## વાંકુ કચ્છ નગરે

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન વાંકુ

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે **વાંકુ દેરાસરની પ્રતિષ્ઠા તા. ૧૦-૫-૨૦૧૮ થી તા. ૧૪-૫-૨૦૧૮** સુધી કાર્યક્રમમાં આવનાર ભાગ્યશાળીઓના નામ પત્ર દ્વારા નીચેના એડ્રેસે જણાવવા વિનંતી. જેથી વ્યવસ્થા કરવાની સુગમતા થાય, ૧) લાખેણા દાતા ૨) આધાર સ્તંભ દાતા ૩) સહયોગી દાતા તથા ૪) સહાયક દાતાના જે સ્કીમનો સર્વેને લાભ લેવા વિનંતી. વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવા નમ્ર વિનંતી.

**C/o. મુરજી શામજીની કું.**
E-૩૬, એ.પી.એમ.સી. માર્કેટ, ફેસ ૨,
મસાલા માર્કેટ, વાશી નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩.

લી. **શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન વાંકુ**

| પ્રમુખ | સેક્રેટરી |
| --- | --- |
| **રમેશ ત્રીકમજી શોની** | **દામજી નરશી શોની** |
| **98200 34251** | **99204 60553** |

## ધર્મસંદેશ - ૧૧૬

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨





### આડી ચાવીઓ -

[૧] શત્રુંજયનું એક નામ (૫); [૪] શત્રુંજય ઉપર આવેલ એક ટુંક (૫); [૭] ભગવાનને નવ અંગે — પ્રમાણે પૂજા કરાય (૨); [૮] આવતી ચોવીસીનાં ૧૨ માં તીર્થંકર (૩); [૧૦] —પ્રકારી પૂજા (૨) ; [૧૧] સોયના અગ્રભાગ જેટલી જગ્યામાં અનંત જીવો નો વસવાટ (૩); [૧૨] પક્ષીઓ ને આપો (૨); [૧૪] વસ્તુપાલ તેજપાલ નિર્મીત આબુ પરનું જિનાલય (૬); [૧૭] — દેવ, કેસરીયાજી ના મુળનાયક (૩); [૧૯] પ્રભુ પ્રત્યે — લાગે તો બેડો પાર (૨); [૨૧] ઉજ્જૈન માં આવેલ — પાર્શ્વનાથનું જિનાલય (૩); [૨૨] આ ગુજરાતના તીર્થના મુળનાયક મુનિસુવ્રત છે (૩); [૨૩] — અને પુન્ય, ધર્મના સિક્કાની બે બાજુ (૨); [૨૫] એક જ્ઞાન (૨); [૨૭] જિનાલય જોતાંમાથું નમાવી આ બોલાય (૫); [૨૮] વડોદરા પાસે આવેલ શંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ (૩); [૨૯] આયંબિલની ઓળી વર્ષમાં —વાર હોય (૧).

### ઊભી ચાવીઓ -

[૧] હસ્તિનાપુર નગરીમાં શ્રેયાંસકુમારે આદિનાથને શેનાથી પારણું કરાવેલ (૪); [૨] વર્ષના આ કુલ પાંચ હોય (૫); [૩] મુનિસુવ્રત નો વાર (૨); [૫] કર્મોના — રૂઝાતા વાર લાગે (૩) ; [૬] પાર્શ્વનાથ ને — હોય (૨); [૮] આ માં આંઠ માંગલિક ચિન્હો નો સમાવેશ થાય (૫); [૯] ત્રિશલા માતાને કેટલા સ્વપ્નો આવેલ (૨); [૧૧] જીનાલયમાં દાખલ થતાં બોલાય (૩); [૧૩] અહીં ભરતરાજા કેવળજ્ઞાન પામ્યા (૬); [૧૫] દેવો દ્વારા રચાતું પ્રભુ માટે દેશના નું સ્થળ (૬); [૧૬] ગૌતમ સ્વામીના ભાઇનું નામ (૪); [૧૮] આને સમડી તીર્થપણ કહેવાય (૩); [૨૦] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨);

(ઉકેલ અન્યત્ર)

### ઊભી ચાવીઓ -

[૨૪] ઘણા દેરાસરોમાં શત્રુંજયના — તૈયાર બનેલા હોય છે (૨); [૨૫] પ્રભુ પ્રત્યે — થાવ (૨); [૨૬] બ્રાહ્મવાડાની પંચતિથિનું મહાવીરનું તીર્થ(૨)

## જોખમ શામાં છે ? – *જોખમ વગરની જિંદગી ચીતરેલા ફૂલ જેવી છે, જે ક્યારેય સુગંધ ન આપે.*

બે બીજ ફળદ્રુપ જમીન પર બાજુબાજુમાં પડ્યાં હતાં. પહેલું બી બોલ્યું, ‘મારે ઊગવું છે, વિકસવું છે, મારાં મૂળિયાંને જમીનના ઊંડાણોમાં મોકલી જોવાં છે. મારી ઉપર રહેલા માટીના પડને વીંધી અંકુરને ફૂટવા દેવો છે. મારી કોમળ કળીને ખૂલવા અને વસંતના આગમનના છડીદાર તરીકે ફરફરવા દેવી છે. મારે સૂર્યની ઉષ્માનો મારા ચહેરા પર અનુભવ કરવો છે અને પાંખડીઓ પર ઝીલવી છે ઈશ્વરના પ્રસાદ જેવી સવારની ઝાકળ.’ તે ઊગ્યું અને વિકસ્યું.

બીજું બી બોલ્યું, ‘મને ડર લાગે છે. જો હું મારાં મૂળ જમીનમાં ઊંડે ઉતારું તો શું થશે ? ત્યાં તો ગાઢ અંધકાર જ હશે. એ અંધારામાં શું શું છુપાયું હશે કોને ખબર અને ઊગવા માટે ધરતીનું પડ વીંધવા જતાં મારા કોમળ અંકુર તૂટી નહીં જાય ? જો કળી ફૂટશે તો ગોકળગાય જરૂર તેને ખાઈ જશે અને ભોગજોગે એ કળી જો ખૂલી તો કોઈ તોફાની બાળક તેને ખેંચી કાઢશે. ના ભાઈ ના. હું તો આમ અત્યારે છું તે જ રીતે બરાબર છું.’

અને એ ત્યાં માટીમાં જ પડ્યું રહ્યું.

વસંત આવવાને થોડી વાર હતી. વાડામાં રહેતી મરઘી ચણતી ચણતી ત્યાંથી નીકળી અને પડી રહેલા બીને જોયું કે તરત ખાઈ ગઈ.

**શીખ** : જે જોખમથી ડરશે, જે વિકસવાની વાતથી ગભરાશે જિંદગી તેને જીવવા નહીં દે.

***- પેટી હન્સન***

# ઘરની શોભા

**- ગિરીશ ગણાત્રા**



આદર્શ ગૃહિણીના આ પાઠ ભણતી વેળા કુસુમનો આદર્શ એની મા હતી. શિક્ષિકા માએ કેવા કેવા દુઃખો વેઠી આ ઘરને ઊંચું લાવ્યું હતું. સંતાનોને ભણાવ્યાં હતાં, કરકસર કરી કુટુંબના વ્યવહારો નભાવ્યા હતા એ એની નજર સમક્ષ હતું. કુસુમ માટે જ્યારે માગું આવ્યું ત્યારે શિક્ષિકા માએ ગૃહિણીના પાઠોનું પુનરાવર્તન કરાવતા કહ્યું - બેટા, સુખ-દુઃખ એ પૈડાના આરા જેવું છે. આજે સુખી તો કાલે દુઃખી. પણ જો કુળવધૂ સમજુ હોય, હોંશિયાર હોય તો ઘર પર એ ઓછામાં ઓછો દુઃખનો ઓછાયો પડવા દે. પુરુષ તો કમાવા માટે બહાર ફરતો રહ્યો હોય, એનું ચિત્ત એના ધંધા-નોકરીમાં હોય ત્યારે ઘર-સંચાલનમાં એનું ધ્યાન ન પડે. તું જે ઘરમાં જાય છે એ ઘરની જવાબદારી છોકરા પર જ છે. એને બાપ નથી, ઘરમાં કોઈ ભાઈ-ભાંડરડું નથી. એ તો ઠીક છે કે બાપ છોકરા માટે ઠીકઠીક કહેવાય એવું મૂકી ગયો છે. તારી થનાર સાસુને સંસારમાં રસ રહ્યો નથી એટલે એ મંદિરમાં અટવાયા કરે છે, હવે એ ઘરની આબરૂ વધારવી-ઘટાડવી તારા શિરે...

કુસુમ બિપીનને પરણીને આ ઘરમાં આવી.

પહેલા દિવસથી જ એને જાણ થઈ કે એ માત્ર ઘરની ગૃહિણી નથી, પતિની દાસી પણ છે!

એનો પતિ બિપીન, ઉર્ફે બકો, કે પછી બકાભાઈ એવા લાડકોડમાં ઊછરેલા કે તરસ લાગે ત્યારે ગોળા પાસે પણ ન જાય. જૂનવાણી ઘરનો મોટા વચલા રૂમનો હીંચકો એ એનું અચળ સ્થાન. પથારીમાંથી ઊઠીને એ જેવા હીંચકા પર જાય કે પછી બાકીની તમામ વિધિઓ ત્યાં જ થતી રહે. હીંચકા પર બેસી ચા પીએ, વર્તમાનપત્રો વાંચે, નાસ્તો કરે શેરોના કામકાજ કરે, જમે, વામકુક્ષી કરે. એનું ચાલે તો એ હીંચકા પર બેસીને સ્નાન કરે! એક વખત એ ત્યાં બેઠા એટલે અઠે દ્વારકા. હીંચકા પરથી જ એ હુકમો છોડતા રહે.

કુસુમે જોયું કે પતિને ઘણાં ઘણાં કામો ફાવતાં નહોતા. છાપાવાળાનું બિલ ચૂકવવું, ઘેર આવેલા ધોબી પાસેથી ગણીને ઈસ્ત્રીવાળા કપડાં લેવા, આપવા, ઝાંપા પાસે જઈ ટપાલી પાસેથી ટપાલ લેવી, ઈલેક્ટ્રીસીટીનું બિલ ભરવું, બેન્કમાં ચેક ભરવા જેવા કામો પણ એ ન કરતા. અરે, ટુથબ્રશ પર પેસ્ટ પણ કુસુમે સાફ કરવાના અને બહાર જાય ત્યારે બુટ કે ચપ્પલ હીંચકા પાસે મૂકી દેવાના. એક વખત કુસુમે કહ્યું - તમે બાથરૂમમાં નહાવા જાઓ ત્યારે ટુવાલ લેતાં જતા હો તો ? નાહ્યા પછી અંદરથી ઘાંટાઘાંટ ન કરવી પડે. બકાભાઈનો તકિયાકલામ ઉત્તર રહેતો : એવું બધું મને ન ફાવે.

કુસુમના ગૃહિણી પાઠની આ પરીક્ષા હતી. એણે સંસારવિરક્ત સાસુને અને કામચોર પતિને સાચવવાનો હતો, આવકવિહોણા ઘરને જાળવવાનું હતું.

કુસુમ ગર્ભવતી બની. એને એમ હતું કે પિતા બન્યા પછી પતિને ઘરની જવાબદારી સમજાશે, થોડાં થોડાં કામ કરતા શીખશે, ટેવ બદલાશે. પણ બકાભાઈ જેનું નામ, એ પડેલી ટેવને એમ થોડાં ટાળે ? ટાળવા દે ?

કુસુમને જ્યારે પૂરા મહિના જતા હતા ત્યારે જ બકાભાઈની માએ ગંભીર માંદગીનો ખાટલો સેવ્યો. સાસુને દવાઓ આપવી, એના મળમૂતર સાફ કરવા, કપડાં-ચાદર બદલવાં, સતત એની સૂચનાઓ પર ધ્યાન આપવું, ઘરની રસોઈ કરવી, સાફસુફી કરવી, કપડાં ધોવા, સૂકવવા, જેવા કામોમાં કુસુમને કોઈની, કોઈની એટલે પતિની મદદની ખાસ જરૂર પડતી. ઘરમાં માની માંદગીનો ખાટલો છતાંય હીંચકા પર બેઠા બેઠા જ કુસુમ દ્વારા માની માંદગી જાણી લેતા. બહુ બહુ તો એકાદ-બે મિનિટ માની પાસે જઈ આવે એટલું જ. સાસુ મૃત્યુ પામી ત્યારે પણ ભારે પગવાળી કુસુમે સમો સાચવી લીધો. સાસુના મૃત્યુ વખતે કે પછી પુત્રે કરવી પડતી વિધિઓ માટે એણે મહામહેનતે પતિને તૈયાર કર્યો. બકાભાઈએ ના છૂટકે એ બધું કરવું પડ્યું પણ કુસુમે જ બધો ભાર ખેંચ્યો.

બકાભાઈ નામ પૂરતા શેરબજારમાં જતા, ધંધો કરતા નહિ. કરતા આવડ્યું નહિ. એના પિતાએ જે સ્ક્રિપ્ટમાં રોકાણ કરેલું એના ડિવિડન્ડ પર ઘરનો ખર્ચો આછો પાતળો નીકળતો.

એને માની વાત યાદ આવી ગઈ. ‘જમાઈરાજ કમાતા ન હોય તો તું કમાવા જા. તારા છોકરાં તો હવે બાલમંદિરે જાય છે તો તું ત્યાં જા. તું એક નવા શરૂ થયેલા બાલમંદિરમાં ભણાવા જઈશ ? તારા ઘરનો રેશનિંગનો ખર્ચ નીકળી જશે. બોલ, તારી તૈયારી હોય તો ગોઠવી આપું.’ માની સલાહ માની કુસુમે

*સામટા સંતાપ પર પડદો પડે, સૂર્ય આવે રાત પર પડદો પડે.*
*દશ્ય છેલ્લું લો અમે ભજવી ઊભા, લ્યો, અમારી જાત પર પડદો પડે.*
*આંધળી Father Mother ની દોટમાં, બાપ સાથે માત પર પડદો પડે.*

સ્કુલની નોકરી સ્વીકારી લીધી. પતિને એમાં કશો વાંધો નહોતો, સિવાય કે બપોરની ચા કોણ બનાવી આપશે ? પણ કુસુમ બાલમંદિરે જતાં પહેલાં ચાનું થર્મોસ ભરીને જતી.

કુસુમે પૂરા દસ વર્ષ નોકરી કરી. નોકરી કરતાં કરતાં એણે બાળકો ઉછેર્યા, ભણાવ્યા, કુટુંબના વ્યવહારો નભાવ્યા. કુસુમની એક રોજનીશી ઘડાઈ ગઈ હતી. ઘડિયાળના કાંટે એણે લટકવું પડતું.

સતત સખત મહેનત કરી કુસુમ ક્યારેય માંદી પડેલી નહિ. માંદગીનો વૈભવ એને પોસાય એમ નહોતો, પણ શરીરયંત્ર ક્યારેક બગડે પણ ખરું. એ એક દિવસ બગડ્યું. કુસુમને ટાઈફોઈડ થયો ત્યારે સતત તાવવાળા શરીરે એને રસોઈ કરવી પડતી. ઘરકામ માટે નોકર રાખવાની હજુ એની ત્રેવડ નહોતી. બંન્ને પુત્રોની મદદથી એ ઘરકામ આટોપી લેતી. આજે એ તાવવાળા શરીરે રસોડામાં ગઈ. બંન્ને પુત્રો શાળામાં ગયેલા. લથડતાં શરીરે એણે તપેલીઓ લીધી. દાળ ભાતનું આંધણ મૂકવા ઊંચી અભેરાઈ પરથી દાળ-ચોખાના ડબ્બા ઉતારવા ગઈ ત્યાં એને ચક્કર આવ્યા અને એ પડી ગઈ. તપેલાઓએ જમીન પર પડી અવાજ દ્વારા આલબેલ પોકારી. એ અવાજ હીંચકે બેઠેલા બકાભાઈને કાને પડ્યો અને...

જિંદગીમાં પહેલી વખત બકાભાઈ હીંચકેથી ઊઠી રસોડામાં દોડી આવ્યા અને પત્નીને ટેકો આપી પથારી પાસે લઈ ગયા. પત્નીનું ધગધગતું શરીર બકાભાઈના હૃદયને દઝાડી ગયું. એણે તપેલીમાં માટલાનું ઠંડુ પાણી લીધું. રસોડામાંથી ક્યાંકથી મીઠું શોધી કાઢ્યું અને પત્નીના કપાળે પોતા મૂકવા લાગ્યા. ડૉક્ટરે આપેલી દવાની ટીકડીઓ ગળાવી એ પોતા બદલાવતા એની પાસે બેસી રહ્યા. આટલા વર્ષોમાં પતિએ પહેલી વખત કામ કર્યું એથી કુસુમને નવાઈ લાગી.

એકાદ કલાક પછી તાવ ઊતરતા કુસુમ બોલી : 'બસ કરો હવે. મને સારું લાગે છે. તમે હીંચકા પર બેસો. હું રસોઈ કરું.' બકાભાઈ બોલ્યા : 'તું રસોડામાં ખુરશી લઈને બેસ અને મને કહે એ રીતે આંધણ મૂકું.'

'તમને આવડશે ?' 'તું શિખવાડશે તો મને આવડશે.'

એ દિવસે, અને પછીના દિવસોમાં, બકાભાઈએ જે રસોઈ કરી એમાં સ્વાદના ઠેકાણાં નહોતાં પણ બકાભાઈની કર્તવ્યભાવનાનો જ મસાલો થતો એથી રસોઈ ભોજનક્ષમ બની રહી.

એક વખત બન્ને પુત્રોએ પિતા-માતાની લગ્નતિથિ ઊજવવાનું નક્કી કર્યું. આ ઉજવણી ઘરની માત્ર ચાર વ્યક્તિઓ પૂરતી જ સીમિત હતી. એ દિવસે કુસુમે શાળામાંથી રજા લઈ લીધી. બકાભાઈ બજારમાંથી શિખંડ-ખમણ લઈ આવ્યા. પુત્રોએ ઘરને શણગાર્યું અને બકાભાઈએ પત્નીને રસોઈમાં હાથ દીધો. જમતાં પહેલાં સૌ મંદિરે દર્શન કરવા ગયાં.

રેડિયો પરથી વહેતા સુમધુર સંગીતના વાતાવરણમાં ચારેયે ભોજન કર્યું અને ભારી ભોજન પછી કુસુમબહેન એના ઓરડામાં આવામ કરવા ગયા ત્યારે બેડરૂમનું બારણું બંધ કરી પત્ની પાસે આવી બકાભાઈએ ધીમેથી પૂછ્યું : 'કુસુમ, મંદિરમાં જઈ ભગવાન પાસે તેં શું માંગ્યુ ?'

કુસુમે માત્ર સ્મિત ફરકાવ્યું અને જવાબ ન આપ્યો એટલે બકાભાઈએ જ કહ્યું : 'મને ખબર છે કે ભગવાન પાસે તેં શું માંગ્યું હશે.'

'તો કહો જોઈએ, શું માંગ્યું હશે ?' 'એ જ કે આવતે ભવે આવો પતિ ન દેજે.'

'ખોટું. મેં તો એવું માંગ્યું હતું કે આવતે ભવે પણ આવો જ પતિ દેજે જેથી મારા માહ્યલામાં રહેલું કૌવત બહાર આવે, મારામાં રહેલી શક્તિઓનો હું પૂર્ણપણે ઉપયોગ કરી શકું. તમે આખો દહાડો નવરાધૂપ થઈ બેસી રહેતા તો જ હું આ ઘરનો ભાર ઊંચકી શકી ને!' પછી એણે પતિને પલંગ પર બેસાડી, એની આંખમાં આંખ પરોવી કહ્યું - 'મારા એક સવાલનો જવાબ તમે આપશો ?'

'કહે ને.' 'તે દિવસે હું રસોડામાં પડી ગઈ ત્યારે તમે મને પથારીમાં સુવડાવી પોતાં મૂક્યાં, દવા આપી, રસોઈ કરી એ બધું ક્યાંથી સૂઝ્યું ? બા માંદા હતા ત્યારે પણ એની ચાકરી નહિ કરેલી. આ પહેલાં ક્યારેય તમે ઘરકામમાં મદદ નહોતા કરતા.'

'એ વખતે તું સાજીસમી હતી એટલે મદદ નહોતો કરતો કે કરવાનું મન થતું નહિ પણ ઘરના ચિરાગની જ્યોત જ્યારે અસ્થિર થવા લાગી ત્યારે કોણ જાણે એ વખતે મને થયું કે આજ સુધી ઘરમાં તેં જ અજવાળું પાથર્યું છે. એ ઉજાસ ઝાંખો થવા લાગ્યો ત્યારે મને થયું કે... કે... સાચું પૂછો તો કુસુમ, તારે બદલે જો કોઈ બીજું પાત્ર આ ઘરમાં આવ્યું હોત તો... તો ભગવાન જાણે કે આજે આ ઘરની, મારી શી દશા થઈ હોત ! હું તો ઘરમાં માત્ર લાકડાનો જ રાજા છું, ખરી રાણી તો તું છે. સાચું કહું કુસુમ, મેં ભગવાન પાસે આજે માંગ્યું હતું કે આવતે ભવે પણ તું મને કુસુમ દેજે.'

ઘણા વર્ષો પછી બકાભાઈએ પોતાના દિલની વાત કહી. એ વખતે કુસુમને એની મા યાદ આવી ગઈ.

એ પતિ પાસે બેઠી અને ખોળામાં એનું માથું ઢાળી એના વાળમાં આંગળા ફેરવવા લાગી. આજ સુધી ઘરસંસાર ચલાવવા બકાભાઈનો જે સાથ ન મળ્યો તે એણે માફ કરી દીધો. નિર્દોષ અને નિર્વ્યાજ પ્રેમ પાસે તમામ પાપ માફ થઈ જાય છે.

***

*એની સાથે મેળવ્યો જ્યાં હાથ મેં, સૌ પુરાણી વાત પર પડદો પડે.*
*ગાઈ લીધું આજ 'વૈષ્ણવ જન' અમે, આજ આખી નાત પર પડદો પડે.*
*- હરદ્વાર ગોસ્વામી*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી અજીત સ્નાત્ર મહિલા મંડળ, હુબલી

શ્રી અજીત સ્નાત્ર મહિલા મંડળ - હુબલી દ્વારા રાણીબેન્નુર તથા દાવણગીરીના નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલયના દર્શન-વંદનનું આયોજન ૧૪-૧-૨૦૧૮ના ગોઠવવામાં આવેલ. યાત્રામાં મહિલા મંડળની ૬૫ બહેનો જોડાયેલ. બહુજ આનંદ અને ઉલ્હાસથી સૌ એ યાત્રામાં ભક્તિ ભાવના કરી હતી. આ યાત્રાના બસ ભાડાના દાતાશ્રી શ્રી કરમચંદ આણંદજી વિકમશી પરિવારે લાભ લીધેલ. સવારના રાણીબેન્નુરમાં ચા-પાણીની વ્યવસ્થા શ્રી હીરજી હંસરાજ મોમાયા પરિવાર હુબલી તરફથી રાખવામાં આવેલ. બપોરના દાવણગિરીમાં જમણ તથા સાંજના ચા-પાણીની વ્યવસ્થા તેમજ મહિલા મંડળની આગતા સ્વાગત દાવણગીરીના શ્રી કેશવજી મુલજી લોડાયા પરિવારે કરી હતી. સાંજનું જમણ દાવણગિરીમાં જ શ્રીમતી લીલબાઈ નારાણજી શામજી પરિવાર હુબલીવાળા તરફથી રાખવામાં આવેલ. આમ સમગ્ર દિવસના ભક્તિમય કાર્યક્રમનો લ્હાવો લઈ સૌ પાછા ફર્યા હતા. મહિલા મંડળના પ્રમુખ સૌ ધનલક્ષ્મીબેન મોમાયા તેમજ સેક્રેટરી સૌ. મધુરીબેન ખોના તેમજ અન્ય કાર્યકારિણીની બહેનો એ પોતાની ફરજ અદા કરી હતી.

### માંડવી શ્રી અજિતનાથજી જિનાલય

માંડવી શ્રી અજીતનાથજી જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે માતુશ્રી ભારતીબેન ભાગચંદ ધરમશી પરિવાર કોઠારા હાલે મુલુંડવાલા તરફથી સ્વામિવાત્સલ્ય યોજાયું હતું.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા થી ટ્રસ્ટની શરૂઆત થયેલ તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટ ખૂબજ સરળતા પૂર્વક કાર્યો કરી રહેલ છે. દર બુધવારના ગરીબોને ભોજન આપનાર કાયમિતિથિના દાતાઓના નામ : ૧) માતુશ્રી સુમતિબેન સોમચંદ દંડ (વડાલા) ૨) મુલજી જીવરાજ લોડાયા (કુમઠા) હસ્તે ભાગ્યવંતી ટોકરશી લોડાયા (સાંગલી), ૩) સ્વ. યશોધન જીવરાજ લોડાયા (મદ્રાસ) હસ્તે મિરા જયેશ નાગડા, ૪) દીપકભાઈ દામજી પોલડિયા (જન્મદિવસ નિમિત્તે - ફેઝપુર), ૫) દામજી મણશી દંડ (વરાડીયા), ૬) સુંદરબાઈ ભવાનજી મોતા (અમરાવતી), ૭) મણીબાઈ હિરાચંદ ધનજી ખોના (નલીયા), ૮) કાંતિલાલ લખમશી ધુલ્લા (થાણા), ૯) પ્રેમકુંવરબાઈ ગોવિંદજી ધરમશી (હસ્તે ઉમરશી શામજી મેપાણી - વડાલા - પરજાઉ), ૧૦) પલ્લવી વિરચંદ શાહ (હસ્તે વિમલા વિરચંદ ચાંપશી શિયાડ-નાંદેડ), ૧૧) લક્ષ્મીબાઈ ગુલાબચંદ લોડાયા (અંકલેશ્વર), ૧૨) શા. છગનલાલ વિશનજી ભાટે (ધરમશી) - ધુલીયા.

### લાલા તિરથે ૧૧૧મી ધ્વજા લહેરાઈ

આજથી ૧૧૦ વરસ પહેલાં લાલામાં ચંદ્રપ્રભુ જિનાલયની પ્રતિષ્ઠા શેઠ શ્રી ખીંયરાજ લધાભાઈ દંડ એ કરી હતી. આ વખતે વસંત પંચમીના દિવસે ગામનાં તથા મુંબઈથી ને બહારગામથી પધારેલા લગભગ ૮૭ જણની હાજરીમાં સાથે મંત્રોચાર અને સંગીતના સથવારે પ્રમુખ શ્રી એલ.ડી. માસ્ટર સાથે યુવા ટીમ હાજર રહી. ૩૫૧૧ મણમાં આદેશ લઈ ૧૧૧મી ધ્વજા લહેરાવી.

પ્રભુ કૃપાએ બે સાધ્વીજી ભગવંતની પણ પધરામણી થઈને સંગીતની મંડળીના સથવારે રંગતની રંગોળીઓ પૂરાઈ. સાધર્મિક ભક્તિનો લાભ શ્રી રાજેન્દ્ર નારાણજી દંડે લીધો. ધ્વજા મહોત્સવના મુખ્ય દાતા ગામના શેઠાણી મણીબાઈ હીરજી દંડ હસ્તે સુર્યકાંતભાઈ હીરજી દંડ તથા સંગીત મંડળના દાતા માતુશ્રી કલ્પનાબેન બકીમચંદ લાલકા અને માતુશ્રી સુંદરબેન ભવાનજી મૈશેરી રહ્યા હતા. ખુરશી ટેબલનાં દાતા શ્રી પ્રેમજી ભીંયશી લાલકા (ઇન્દોરવાળા) રહ્યા. ઈલેક્ટ્રીક ફીટીંગ અને બોરવેલ તથા શેંતરજીના દાતાશ્રી માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ રાજપાર મૈશેરી પરિવાર (લાલા - મુલુંડ) આ બધા દાતાઓની તક્તિઓનું યુવા ટીમ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું.

### ભુજની જન. હોસ્પીટલ સલાહકાર સમિતિમાં નિમણુંક

ભુજની જી.કે. જનરલ હોસ્પીટલની સલાહકાર સમિતિમાં પ્રબોધ હીરાચંદ મુનવરની નિમણુંક કરવામાં આવી છે. શ્રી મુનવર દરરોજ આ હોસ્પીટલના જુદા-જુદા વિભાગોમાં દાખલ દર્દીઓની વચ્ચે રહી વર્ષોથી સવાર-સાંજ બે ટાઈમ હાજર રહી વિવિધ સેવાઓ આપી રહ્યા છે.

### શ્રી લાલા-સાંધવ દંડ પરિવારના ''ગજોડવાલા દાદા''ની પહેડી

૨૮-૧-૨૦૧૮ના દાદાની નવમી પહેડી મુલુંડ ખાતે ઉજવાઈ હતી. બંન્ને ગામના ભાવિકો અને નિયાણી બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ગામ ગોધરાના

ગજોડવાલા દાદાને નમતા મૈશેરી પરિવારના ભાવિકો પણ પધારેલ. અતિથિ વિશેષ તરીકે મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, ઉપપ્રમુખ શ્રી લહેરચંદ દામજી મૈશેરી અને શ્રી તેજપાલ લખમશી ધરમશી, ટ્રસ્ટશ્રી દિલીપ યુ. દંડ અને પારસ મૈશેરી ઉપસ્થિત હતા. તેઓશ્રીનું બહુમાન શ્રી શામજીભાઈ દંડે કરેલ. તે ઉપરાંત ગામનાં ૩૬ વિદ્યાર્થીઓને ઈનામોથી સન્માનિત કરવામાં આવેલ. પર્યુષણ દરમ્યાન અઠ્ઠાઈ તથા અઠ્ઠાઈથી વધારે તપસ્યા કરનાર તપસ્વીઓનું, ૭૦ વર્ષની ઉપરનાં વડીલોનું, નવમી પહેડીનાં લાભાર્થી પરિવારો તેમજ ભુઈમાં - ભુવાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. સંપૂર્ણ બહુમાન તથા ઈનામોના લાભાર્થી માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ - સાંધવ પરિવાર હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સુરત

મહાજનશ્રીના નેજા હેઠળ એક ગેટ-ટુ-ગેધર કમ ઉજવણીનો પ્રોગ્રામ ૨૬-૦૧-૨૦૧૮ના રાખેલ. સભ્યો તરફથી સુંદર રીસપોન્સ મળ્યો. સુરત શહેરના ખટોદરા વિસ્તારમાં આવેલ લેક ગાર્ડનમાં પ્રોગ્રામ ગોઠવેલ. શરૂઆત નવકાર મંત્રથી કરી. ત્યારબાદ શ્રીમતી નમીતાબેન છેડા, શ્રીમતી તોરલબેન છેડા, શ્રીમતી શ્રુતીબેન છેડા, શ્રીમતી અલ્પાબેન દંડ તથા શ્રીમતી ઈન્દુબેન દંડએ હાઉસી તથા વિવિધ રમતો રમાડી સૌને આનંદ પ્રમોદ કરાવેલ. આ પ્રોગ્રામ માટે સ્પોન્સર શીપનો લાભ ૧) શ્રી ગુલાબચંદ હીરજી છેડા પરિવાર, ૨) માતુશ્રી કસ્તુરીબેન વાલજી ગોસર પરિવાર, ૩) શ્રી અશ્વીનભાઈ રતીલાલ સાયલા પરિવાર તથા ૪) માતુશ્રી લક્ષ્મીબેન વસનજી છેડા પરિવારોએ લીધેલ. પ્રોગ્રામના અંતે શ્રી લક્ષ્મીચંદ શામજી દંદ પરિવાર તરફથી આવેલ જીનાજ્ઞા ભાગ ૪-૫ તથા શ્રી સમસ્ત મહાજન મુંબઈ તરફથી આવેલ ૨૦૧૮ વર્ષના કેલેન્ડરનું જ્ઞાતિ પરિવારોને વિતરણ કરેલ.

### પૂ. શ્રી ભલારાદાદાના પાઠની વિધીની શરૂઆત

પૂ. શ્રી ભલારાદાદાની પાઠની વિધીમાં દરેક જગ્યાએ જુદી જુદી વિધી જોવામાં આવે છે. અગાઉ પણ મેં લખેલ હતું કે પાઠની વિધી એક જ હોય અને વિધીમાં જે પણ નવગ્રહનો પાઠ માંડવાનો હોય તેમાં કેટલી વસ્તુઓ કઈ કઈ જોઇએ, તે પણ બતાવવામાં આવેલ છે. એની ચર્ચા આપણે આગળ જોતા રહેશું. પણ અત્યારે આપણે પાઠની શુભ શરૂઆત ક્યાંથી થાય એ બાબતે ચર્ચા કરીએ મેં ઘણી જગ્યાએ પાઠની વિધી કરતાં પાઠ માંડતા ભાવિક પાસેથી જાણવા મળ્યું કે શરૂઆતમાં અ.સૌ. સ્ત્રી પાસેથી છાણ અને ગૌમુત્રથી જમીન શુધ્ધ કરવામાં આવે છે. એટલે કે લીંપણ કરવામાં આવે છે. તે શા માટે ? હિન્દુ શાસ્ત્રમાં જણાવવામાં આવેલ છે કે કોઈ પણ શુધ્ધીકરણ એટલે કે દેહ શુધ્ધીકરણ હોય કે જમીન શુધ્ધીકરણ હોય, ગાયનું છાણ તાજું અને ગૌમુત્રનું મિશ્રણ કરી દેહ ઉપર લગાડવાથી દેહ શુધ્ધીકરણ થાય છે. એવીજ રીતે જમીન ઉપર ગાયના છાણ અને ગૌમુત્રનું મિશ્રણ કરી લીંપણ કરવાથી જમીન શુધ્ધ થાય છે. એવું તારણ શાસ્ત્રમાં બતાવવામાં આવેલ છે.

પણ ખેદ સાથે જણાવવું પડે છે કે જે વ્યક્તિ પાઠની વિધી જાણતો નથી અને દેખાદેખીમાં કહે છે કે હું પાઠની વિધી જાણું છું અને એ પાઠ માંડવા વિધી કરવા ગાદી ઉપર બેસી જાય છે અને શરૂઆતમાંજ ગાયનું છાણ તેમજ ગૌમુત્રથી જમીન શુધ્ધ કરવાને બદલે અબોટ પાણી લઇ જમીન શુધ્ધ કરાવે છે અને કહે છે કે હવે ટાઇલ્સો ખુબજ મોંઘી હોવાથી એ બગડે નહીં એ માટે ખાલી અબોટ પાણીથી જ જમીન શુધ્ધ કરાવીએ છીએ.

એટલે આ પ્રથમ પગથીયું પણ ખોટું અને પાઠની શરૂઆત પણ ખોટી. પછી કહેશે કે ભાઈ અમારો પાઠ બરાબર થયો નહીં. ભાઈ કઈ રીતે પાઠ તમારો સફળ થાય જ્યાં શરૂઆત જ ખોટી થાય.

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા માટે શનિવાર, ૨૪-૦૨-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગ માટે શનિવાર, ૨૪-૦૨-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૫-૦૨-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

---

**ગતાંકનો સુધારો :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૬માં પાના નં. ૧૦ ઉપર શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર - સાંયરાની જાહેરાતમાં પહેડીની તા. ૨૦-૪-૨૦૧૮ના બદલે તા. ૨૦-૫-૨૦૧૮ વાંચવા વિનંતી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન - (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મણીલાલ જેઠાલાલ સોની** (PS 2252) | એ-૧, શિવ સાધના એપાર્ટમેન્ટ, ચાફેકર માર્ગ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો. : ૦૯૯૬૯૮ ૪૯૫૩૦ |
| **હીરાચંદ પાશવીર જૈન (દંડ)** (PS 49) મો.: ૯૯૬૯૦ ૦૦૬૨૭ | ક્યૂ-૧૦૦૩, શક્તિ એન્ક્લેવ, શક્તિ કોમ્પ્લેક્સ, બિલાબોંગ હાઈસ્કુલની સામે, જનકલ્યાણ નગર, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૫. મો.ભારતી ૯૮૭૦૧ ૦૮૨૦૮, એકતા ૯૮૨૦૪ ૪૧૫૫૮, લેખા ૯૮૯૨૨ ૧૫૬૦૪ |
| **મનોજ ખીમજી ભેદા** (PS 6716) | ડી/૧૫, ન્યૂ બી. જે. માર્કેટ, બજાર પેઠ, જલગામ - ૪૨૫ ૦૦૧. |
| **નરેન્દ્ર ઠાકરશી શાહ (લાપસીયા)** (PS 5501) | ફ્લેટ ૧૦૪, કેલવિન લીટોનીયા, ૧૮મો ક્રોસ, ૧૮મો મેઈન, ગૌરામ્મા લેઆઉટ, જે. પી. નગર પાંચમો ફેઝ, બેંગલોર-૫૬૦ ૦૭૮. મો. : ૦૯૯૦૦૯ ૯૦૬૪૯, ૦૯૭૪૨૫ ૧૦૦૦૧ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૧-૧૮ | મલકાપૂર | યામી, પૂજા ખુશાલ ઉત્તમચંદ દંડ | વરાડીયા | પુત્રી |
| ૨૮-૦૧-૧૮ | વડોદરા | વિરાટ, મિતેન કેતન લોડાયા | બાંઢીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૧૮ | ખિરકીયા | વિરાજ ઉમેશ ભવાનજી નાગડા | લાલા | ૨૩ |
| | ઈન્દોર | હીરલ કિશોર લક્ષ્મીચંદ ખોના | જખૌ | ૨૩ |
| ૦૪-૦૨-૧૮ | વાશી | ભૂપેન ખુશાલ જીવરાજ લોડાયા | રાપર ગઢવારી | ૨૫ |
| | મુલુંડ | નિધિ રાજેશ ડુંગરશી હેફા | જખૌ | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૨-૧૮ | જલગામ | પ્રીતેશ રાધેશ્યામ ભગવાનદાસ ઝાવર | પલધી | ૨૯ |
| | જલગામ | મોના ગિરીશ લક્ષ્મીચંદ પોલડીયા | ગોએરસમા | ૨૪ |
| ૦૩-૦૨-૧૮ | મલાડ | અંકિત નિલેશ પ્રેમજીભાઈ લાલકા | લાલા | ૨૬ |
| | માલેગાંવ | સાક્ષી સ્વપ્નિલ સુશીલકુમાર કોઠારી | કુચેરા | ૨૫ |
| ૦૬-૦૨-૧૮ | મુલુંડ | નિલય લલિત વિસનજી ગોશર | ગોએરસમા | ૨૬ |
| | મુલુંડ | ક્રિષ્ના શૈલેષ ગોપાલભાઈ યાદવ | હાજાપર | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૨-૧૮ | મુલુંડ | સોહીલ રાહુલ મેઘજી ધુલ્લા | સુથરી | ૨૭ |
| | થાણા | તન્વી હીરેન ખીમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૧૮ | જામનગર | પ્રમોદભાઈ છોટાલાલ મહેતા (કલ્પના પ્રમોદ મહેતાના પતિ) | ખંભાળીયા | ૭૨ |
| ૦૩-૦૨-૧૮ | વડાલા | હીરબાઈ ખીમજી જેઠાભાઈ ધુલ્લા | સાંધાણ | ૮૮ |
| ૦૪-૦૨-૧૮ | કાંદિવલી | વાસંતી સૂર્યકાંત મૈશેરી | લાલા | ૬૩ |
| ૦૬-૦૨-૧૮ | માટુંગા | અશોક માણેકજી નાગડા | નલિયા | ૬૦ |
| ૦૮-૦૨-૧૮ | ઘાટકોપર | ગં.સ્વ. કસ્તુરીબાઈ ડુંગરશી ગંગાજર ખોના (ગંજ બાસોદાવાલા) | જખૌ | ૮૯ |
| ૦૮-૦૨-૧૮ | કરાડ | મધુકર કલ્યાણજી જેઠાભાઈ ખોના | કોઠારા | ૭૧ |

## ધર્મસંદેશ - ૧૧૬ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) ઇન્દ્રપ્રકાશ (૪) ઉજમફઇ (૭) ક્રમ (૮) અમમ
(૧૦) અષ્ટ (૧૧) નિગોદ (૧૨) ચણ (૧૪) લુણીગવસહી
(૧૭) રીષભ (૧૯) લગ્નિ (૨૧) અવન્તી (૨૨) ભરૂચ
(૨૩) પાપ (૨૫) મતિ (૨૭) નમો જિણાંણં
(૨૮) અણસ્તુ (૨૯) બે

ઊભી ચાવીઓ -
(૧) ઇક્ષુરસ (૨) પ્રતિક્રમણ (૩) શનિ (૫) જખમ
(૬) ફણા (૮) અષ્ટમંગલ (૯) ચૌદ (૧૧) નિસિહી
(૧૩) અરીસા ભવન (૧૫) સમવસરણ
(૧૬) અગ્નિભૂતિ (૧૮) ભરૂચ (૨૦) ચંપા
(૨૪) પટ્ટ (૨૫) મગ્ન (૨૬) નાણાં

# માસીક પુણ્યતિથિએ
# શ્રદ્ધાંજલિ



જન્મ
૧૯૩૦

અરિહંત શરણ
૨૦૧૭

## સ્વ. સોમચંદ ભાણજી લાલકા
**(વારાપધર) અમલનેર**

કહેવાય છે કે જનારા તો જતા રહ્યા સદગુણો એમના સંભારે
લાખો લુંટાવો તોય પણ મૃત્યૂ પામનાર પાછા ના ફરે.
દેરાસરો તથા સંઘોમાં દાન ની ગંગા બહાવી, સમાજસેવા,
સાધુસાધ્વી વૈયાવચ્છ જેવા કાર્યોમાં આગળ રહી કાર્ય પૂર્ણ કર્યા.
આપે ઘણા કષ્ટો અને બીમારીઓ સહન કરી
વિલીન થઇ ગયો દેહ માટીમાં.
પણ તમારે નામ અમર થઇ ગયું સમાજ સેવામાં
નામ જેવા ગુણ ધરાવનાર એ સ્નેહમુર્તિને ચિરઃશાંતિ આપજો.

શોકાતૂર

**શ્રી પારોલા ક.દ.ઓ.શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ, પારોલા**
**કારોબારી કમેટી તથા ટ્રસ્ટી ગણ**

# તમારી ગુરૂભક્તિને નમન....

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.



મહારાષ્ટ્ર રાજ્યે...

ચાલીસગામ નામનું એક નાનકડું ગામ...

૧૦૮ વર્ષ પ્રાચીન પદ્મપ્રભસ્વામી દાદાનું સુંદર જિનાલય...

શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના પાંત્રીસેક ઘરો....

જ્યાં સાધુ-સાધ્વીજી ભગવંતનો લાભ ઓછો મળતો. એ સમયે આજથી ત્રીસ વર્ષ પહેલાં **પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**ને સ્થિરવાસ માટે શ્રી સંઘે **મા. મધુરીબાઈ ભવાનજી લોડાયા**ની આગેવાની હેઠળ તક ઝડપી લીધી.

એ ક્ષણથી માંડીને સમસ્ત **શ્રી ચાલીસગામ સંઘ** પૂજ્યશ્રીની સેવામાં, વૈયાવચ્ચમાં તન-મન-ધન સાથે સમયના ભોગ સાથે પૂજયશ્રી સાથે જોડાઈ ગયો. એમ કરતાં ૩૦-૩૦ વરસના વહાણા વીતી ગયા.

બાળકો યુવાન બન્યા...

યુવાનો પ્રૌઢ બન્યા...

પરંતુ પૂજયશ્રીની ભક્તિ અને વૈયાવચ્ચ દિવસે - દિવસે વધતી જ રહી...તેમાં ક્યાંય કચાશ ન રહી કે ખોટ ન આવી.

પૂજ્યશ્રીની નિશ્રામાં સંઘે ઘણા જિનભક્તિ અનુષ્ઠાનો, મહોત્સવો, જપ-તપની અનેકવિધ આરાધનાઓ કરી. પૂજ્યશ્રીના સાનિધ્યમાં શ્રી સંઘનો સર્વાંગી વિકાસ થયો. બાળકો શ્રાવિકાઓએ સુંદર જ્ઞાન અને ભક્તિનો લાભ લીધો છે.

૩૦ વર્ષ સુધી સંઘનો એક-એક દિવસ અનમોલ ગયો છે. ઉઠીને દેરાસર જાય ત્યારે ''સાધુનામ દર્શનં પુણ્યમં'', ૧૦૮૦૦ દિવસ સુધી રોજ દર્શનનો લાભ... વંદનનો લાભ... ગોચરીનો લાભ... વૈયાવચ્ચનો લાભ...

જે શ્રી સંઘે લીધો છે. તે અવિસ્મરણીય છે.... અનુમોદનીય છે.... અકલ્પનીય છે...

પંચમકાળમાં જ્યારે ઘરના માવિત્રને સાચવવા પણ દુષ્કર બન્યું છે ત્યારે શ્રી ચાલીસગામ સંઘે આ એક આદર્શ જિનશાસનમાં જ્વલંત બનાવ્યો છે. બે-બે વાર થયેલા કેન્સરના ઑપરેશનો અને છેલ્લા બાર વરસથી દિવસ -રાત સેવા માટે સેવિકાબેનને રાખીને એમની ભક્તિમાં ક્યાંય ખામી ન આવે એ માટે સતત જાગૃત રહયા છે. સમયે - સમયે એમની સાધનામાં પણ ખામી ન રહે તે માટે જાગૃત રહ્યા છે. સમયે સમયે એમની સાધનામાં પણ ખામી ન રહે તેની જાગૃતિ રાખી છે પૂજયશ્રી દેરાસર જવા જ્યારે અસમર્થ થયા ત્યારે રોજ ઉપાશ્રયમાં ભગવાન લઈ દર્શન કરાવતા. કોઈની પાસેથી કોઈપણ આર્થક સહયોગની અપેક્ષા રાખ્યા વગર સંઘના મોભી શ્રાવકોએ સ્વદ્રવ્યથી પોતાના સમય - શક્તિનો ભોગ આપી અખંડ સેવા યજ્ઞને છેલ્લી ઘડી સુધી જ્વલંત રાખ્યો છે. જેના વર્ણન માટે શબ્દનો ખજાનો ટુંકો પડે છે.

પૂજ્યશ્રીના આત્માને પરમ શાંતિ પમાડી છે. તેથી શ્રી સંઘ ઉપર એમની સદા કૃપા વરસતી જ રહેશે જેથી શ્રી સંઘ સદા ઉન્નતિના પંથે અગ્રેસર બની રહેશે. રિદ્ધિ - સિદ્ધિ સમૃદ્ધિમય જીવન પામી સ્વકલ્યાણ સાથે સર્વના કલ્યાણને પામશે.

ચાલીસગામ શ્રી સંઘ પાસેથી અન્ય સંઘો બોધપાઠ લઈ આવી અપૂર્વ તક જ્યારે પણ મળે એને સ્વીકારી નહીં પણ સારી રીતે સત્કારી સાધુ વૈયાવચ્ચનો અનુપમ લાભ લેવા ઉદ્યમવંત બને.

**- સા. જયદર્શિતાજી**

# "વાત્સલ્યમૂર્તિ પૂજનીય મા મ.સા.ના ચરણારવિંદમાં ગુણાંજલિ"

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
આજ્ઞાનુવર્તીની આગમ અભ્યાસી, નવકાર મંત્ર આરાધીકા **પ.પૂ. બા.બ્ર. મુક્તિશ્રીજી મ.સા.**ના સુશિષ્યા સેવાભાવી,
સમતામૂર્તી **પરમપૂજ્ય ગુણલક્ષ્મીશ્રીજી મ.સા., પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા., પ.પૂ. જયધર્માશ્રીજી મ.સા.**
**પ.પૂ. જયદર્શીતાશ્રીજી મ.સા. એવં પ.પૂ. હીમાંશુશ્રીજી મ.સા.**ના

**ચરણકમલોમાં કોટી કોટી વંદના.....**

દીક્ષા પર્યાય :
૬૨ વર્ષ



કાળધર્મ :
તા. ૩૦-૧-૨૦૧૮

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

વિરહની વ્યથા વર્ણવવી કઠીન છે. એવા અનમોલ શબ્દરત્નો ક્યાંથી લાવું ! કે આપના ગુણોનું વર્ણન કરું !
આપે ધર્મની લ્હાણી કરી, સંસ્કારોથી ધન્ય બનાવ્યા, જીવન સાફલ્યની ચાવી આપી.
આપ સદૈવ સમતા અને શાંત મહાસાગરમાં ઝીલતા રહ્યા. સાદગી, સરલતા, સૌમ્યતા, સુશીલતા,
સહનશીલતા અને શાંત, પ્રસન્ન, મુખમુદ્રાએ ગુણબાગના પુષ્પો મહેકાવી ગયા....

**સંયમ જીવનને સફળ અને સુવર્ણમય બનાવી સિધ્ધપદને વરવા સંચરી ગયા.**

**સંસારી સાસરીયા પક્ષનો પરિવાર**

વડીલશ્રી : **સ્વ. શ્રી જેઠાભાઈ કેશવજી ચત્રભોજ મોમાયા** (સાંયરા)
માતુશ્રી : **સરલાબાઈ ગંગાજર કેશવજી મોમાયા** (સાંયરા – ચેન્નઈ)

પૌત્ર : **રાજેશ ગંગાજર મોમાયા**
પૌત્રીઓ : **જયશ્રી પ્રફુલ મોતા**
**ભાવના કીશોર મોતા**
**મીનલ ગંગાજર મોમાયા**
દોહીત્રી : **જીનલ હેમાંગ ખોના**
**સીદ્ધી અર્પિત ગંગર**

પૌત્રવધુ : **અનુપમા રાજેશ મોમાયા**
પૌત્રીઓ : **નીલમ ગંગાજર મોમાયા**
**હીના ઉમેશ ઝવેરી**
પ્રપૌત્ર : **મીત રાજેશ મોમાયા**
દોહીત્રા : **નેવીલ, પ્રતીક, અરનવ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (12-02-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# અભિનંદન

**દાદાણાં** દલતુંગી વિરાર

**નાનાણાં** દલતુંગી વિરાર

શ્રી મોમાઈ માતા અને મા સરસ્વતીની અસીમ કૃપાથી
**ચિ. હર્ષવર્ધન સુમંતકુમાર શિઆલએ**
CAની પરીક્ષામાં સફળતા સાથે ડીગ્રી પ્રાપ્ત કરી એ બદલ

## ખૂબ ખૂબ અભિનંદન...



**-: શુભેચ્છક :-**

દાદા-દાદી : **લક્ષ્મીબેન કાંતિલાલ ધારશી શિઆલ**
નાના-નાની : **વિજયાબેન લક્ષ્મીચંદ હંસરાજ ડાઘા**
માતા-પિતા : **નલિની સુમંતકુમાર કાંતિલાલ શિઆલ**
કાકા-કાકી : **હેમા વનરાજ કાંતિલાલ શિઆલ**
ફુઈ-ફુઆ : **માલતી સુનિલ વિઠ્ઠલદાસ શાહ**
મામા-મામી : **દક્ષા રાજેંદ્ર લક્ષ્મીચંદ ગોસર**
બહેનો : **વનશ્રી, ઈશિતા, કાવ્યશ્રી, કાવ્યાંજલી, ખુશ્બુ અને ધ્વનિ**



## લગ્ન સંબંધી

**પ્રશાંત મહેન્દ્ર શામજી નાગડા** (કચ્છ - નલિયા - વડોદરા)

જન્મતારીખ : ૦૭-૦૨-૧૯૮૮
ટાઈમ : ૧.૨૦ બપોરે, મુંબઈ
(શનિ, મંગળ છે)
હાઈટ : ૫.૭' વજન : ૭૫
અભ્યાસ : B.Pharm, M.Pharm + MBA (Pharma)
વર્કીંગ : Depurty Manager Marketing in Pharmaceutical Company
સંપર્ક : **0265 - 2582601 / 98251 59597 / 91679 89010**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,